# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 9 • PAGES : 52 • MUMBAI • DATE : 5TH DECEMBER 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી કચ્છી દશા ઓશવાલ મહારાષ્ટ્ર એકમ - ધુલીયા સ્થાને જનરલ સભા




























# શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી ગૃહ - ધુલીયા અમૃત મહોત્સવની ઝાંખી



શ્રીજી ઇંગ્લીશ સ્કુલની બીલ્ડીંગ


સંસ્થાના કાયમી પ્રમુખશ્રી
યતિવર્ય મોતીસાગરજી


સંસ્થાના ચેરમેન
શેઠશ્રી તિલોકચંદ નરસીભાઇ દંડ


સંસ્થાના ચેરમેન - ઉપપ્રમુખ


સંસ્થાના ઉપપ્રમુખ તથા માનદમંત્રી
શ્રી વિનોદભાઇ તથા કેતનભાઇ


ગુરૂવર્યનું સ્વાગત


સંસ્થાને પ્રદક્ષિણા આપતા પધારેલ મહાનુભવ


સ્કુલ ટીચીંગ સ્ટાફ


દિપ પ્રજ્વલન કરતા વિનોદભાઇ


પ્રેક્ષક ગણ


પ્રેક્ષક ગણ


શ્રી મંચ ઉપર બિરાજીત પદાધિકારી સાથે
અતિથી વિશેષ વિનોદભાઇ લોડાયા


માલ્યરોપણ


પ્રેક્ષક ગણ

## શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી ગૃહ - ધુલીયા અમૃત મહોત્સવની ઝાંખી



દિપ પ્રજ્વલન કરતા પ્રમુખશ્રી



આશીર્વાદ આપતા ગુરૂવર્ય



ગુરૂવંદના



પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા.
માંગલીક આપતા



સ્વાગત ગીત અ.સૌ. લતાબેન જયંત દંડ - અ.સૌ. પ્રિતીબેન કાજલ મોમાયા





શ્રીજી ઇંગ્લીંશ મીડીયમ સ્કુલ તરફથી આવકાર સાથે સ્વાગત ગીત



અતિથી વિશેષનું બહુમાન



સંસ્થાના માનંદમંત્રી
કેતનભાઇ આવકાર આપતા



યતિવર્ય મોતીસાગરજી મ.સા.ને
શાલ થી બહુમાન



ગુરૂપૂજન કરતા ચેરમનશ્રી



૭૫ વરસ જીવનચરીત્ર આપતા
ગોવિંદજી નેણસી સોની



રાજેશ દામજી પોલડીયા
જન્મ ખુશાલી મંતવ્ય

## શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી ગૃહ - ધુલીયા અમૃત મહોત્સવની ઝાંખી





૭૫ વર્ષના જન્મની ખુશાલીમાં ગુરૂદેવના હસ્તે ભેટ વિતરણ સ્કુલના સ્ટાફને




૭૫ વર્ષની જન્મની ખુશાલીમાં ગુરૂદેવના હસ્તે સપ્રેમ ભેટ



અતિથી વિશેષ વિનોદ ખીમજી લોડાયાના મંતવ્ય



શ્રીજી ઇંગ્લીંશ મિડીયમ સ્કુલના સ્ટાફ સાથે પદાધિકારીઓ



ચેરમેનશ્રીનો ઉદ્દબોધન



આશીર્વાદ આપતા
યતિવર્ય પ.પૂ. મોતીસાગરાજી મ.સા.



ગુરૂદેવના આશીર્વાદ સાથે માંગલિક



સ્ટેજ બનાવવાની જગ્યા ઉપર
ગુરૂદેવના આશીર્વાદ



યતિવર્ય પ.પૂ. મોતીસાગરજી મ.સા.




શ્રી પૂજ્ય મ. સાહેબ સ્ટેજ ઉપર ખાત મુહર્ત કરતા ભાવિકો-ટીચર્સ-પદાધિકારીઓ



# શ્રી દિનેશ જેઠાભાઈ લોડાયા

(૧૯૪૯-૨૦૧૯)

કોઈક પુણ્યકર્મ હશે અમારાં જે સ્વજન સ્વરૂપે મળ્યા તમે

તમારા સાથથી પોતાની નજરમાં વધુ ઊંચા થયા અમે

સદા સહુને સ્નેહ દઈને સુખ સર્જનારા તમે

અધૂરાં કાર્યો-સ્વપ્નો તમારાં સાકાર કરીશું અમે

વિનમ્ર શ્રદ્ધાંજલિ

**શ્રી સંજય ધરમશી**

(માતુશ્રી  નવલબેન નવીનચંદ ધરમશી પરિવાર)

# પુના કે.ડી.ઓ. રત્ન



આગમન :
તા. ૬-૫-૧૯૪૯

સ્વર્ગવાસ :
તા. ૧૯-૧૧-૨૦૧૯

## શ્રીમાન દિનેશભાઈ જેઠાભાઈ લોડાયા

ગામ – જખૌ

પ્રશંસનીય સરાહનીય, અનુકરણીય સન્માનીય
સમાજસેવી, સર્વગુણ સંપન્ન, સેવાભાવી, પરોપકારી
આ વિશેષણો પણ તેમની માટે ઓછા પડે એવા
શ્રી દિનેશભાઇને, શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ પુના (Life Time Achievement)ના
સન્માનપત્ર થી તથા ''પુના કે.ડી.ઓ. રત્ન''ના ખિતાબથી અભિવાદીત કરે છે....

આપની હયાતિ અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતાં,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
માયાળુ સ્વભાવ, કટિબધ્ધતા અને લાગણીશીલતા
ખરેખર અવિસ્મરણીય છે...

**પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અભ્યર્થના...**

**આપની ગેરહાજરીથી પુના કે.ડી.ઓ. સમાજમાં ન પુરી શકાય એવી ખોટ પડી છે...**

**શ્રધ્ધાસુમન અર્પણ – મુઠ્ઠી ઊંચેરા મહામાનવને :**

**શોકાતુર : સમસ્ત શ્રી કે.ડી.ઓ. જૈન સંઘ પુના...**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૯**
**Date : 05-12-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

*શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી મુંબઈ મહાજનની ચુંટણીઓમાં હવે ગરમાવો આવ્યો છે. શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ૧૧ ટ્રસ્ટીઓની ચુંટણી છે જેના માટે ૧૫ ઉમેદવારોએ તથા શ્રી મુંબઈ મહાજનની ૪૪ સભ્યોની ચુંટણી છે જેના માટે ૫૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. એક પૅનલે પોતાના ૧૧ ઉમેદવારો ટ્રસ્ટ માટે અને ૪૪ ઉમેદવારો મહાજન માટે ઉભા રાખ્યા છે અને અન્ય ઉમેદવારોએ વ્યક્તિગત રીતે ઉમેદવારી નોંધાવી છે. શિક્ષણ પ્રસારક સમિતિના ટ્રસ્ટી તરીકે એકજ ઉમેદવાર શ્રી હિનેશ ભવાનજી લોડાયા - વાંકુ, મુલુંડ એ ઉમેદવારી નોંધાવી હતી. એટલે તેમને શિક્ષણ પ્રસારક મંડળના વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫ સુધીના ટ્રસ્ટી તરીકે બીનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.*

*પ્રકાશ સમીક્ષાએ આ અંકમાં ઉપરોક્ત તમામ ઉમેદવારોનો ટૂંકો પરિચય તેમના ફોટોગ્રાફ સાથે પ્રકાશિત કર્યો છે. જ્ઞાતિજનોને ઉમેદવારો અંગે માહિતગાર કરવા તથા ઉમેદવારોને મંચ આપવાના હેતુથી આ પ્રયાસ કર્યો છે. અમને આશા છે કે આ પ્રયત્ન વાચકો વધાવશે અને મતદારોને માટે ઉપયોગી બની રહેશે. આ અંકમાં સર્વે ઉમેદવારોના મોબાઈલ નંબર તથા ઈમેલ એડ્રેસ જેવી ઉપયોગી માહિતી હોવાથી હમેશ માટે આપની પાસે સાચવી રાખવા વિનંતી છે જે ભવિષ્યમાં આપને ઉપયોગી થશે.*

*ઉપરોક્ત ચુંટણીઓમાં ઉમેદાવારી પાછી ખેંચવાની તા. ૨ ડીસેમ્બર નિર્ધારીત હતી એટલે બધાને અપેક્ષા હતી કે ૨ ડીસેમ્બર સાંજ સુધી ઉમેદવારોની અંતિમ યાદી મળી જશે. પરંતુ યાદિ ૫ ડીસેમ્બરના મળી. ચુંટણી અધિકારીઓએ ઉમેદવારોની અંતિમ યાદી ૨ ડિસેમ્બરના જ જાહેર કરવી જોઈએ એમ પ્રકાશ સમીક્ષાનું માનવું છે. ચુંટણી અધિકારીઓએ એમ કરવા માટે બંધારણનો આધાર લીધો છે પરંતુ એ સુસંગત નથી લાગતું. એક મહિલા ઉમેદવારે પોતાના ફોર્મમાં અટક તરીકે મુળ નુખને બદલે શાહ લખેલું એટલે ઉમેદવારીપત્ર રદ કરવામાં આવ્યું. પણ બે અન્ય ઉમેદવારો કે જેમણે પોતાની મુળ અટકને બદલે પ્રચલિત ઓળખ લખેલી હોવા છતા તેમના ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવ્યા. આ બન્ને મુદ્દાઓ ઉપર ચુંટણી અધિકારીઓના ખુલાસા જરૂરી છે. આ વખતે જોડણીમાં ભૂલને કારણે પણ ઉમેદવારીપત્રના અસ્વીકાર કરવામાં આવ્યો જે ચેતવણીસૂચક બાબત છે. મન લાગે છે કે આપણે આવી નાની નાની બાબતોને બદલે ઉમેદવારોની ઈચ્છાને માન આપવું જોઈએ. જો ઉમેદવારે મહાજનના બધા લાગા બરોબર ચુકવ્યા હોય તો આવી નાની બાબતોને અવગણવી જોઈએ અને તેની ઉમેદવારીનો અસ્વીકાર ન કરવો જોઈએ.*

*બધા જ્ઞાતિજનોને વિનંતી છે કે ૨૨ ડીસેમ્બરના જરૂરથી મતદાન કરી જ્ઞાતિની સેવા સારી રીતે કરે તેવા ઉમેદવારોને ચુંટે. ઉમેદવારોના પરિચય ઉપરથી તેમણે*

## ‘પ્રકાશ-સમીક્ષા’ પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*કરેલી જ્ઞાતિસેવા, દષ્ટિકોણ તથા અનુભવની જાણકારી મળશે. યુવાનો અને મહિલા ઉમેદવારોને પણ પીઠબળ આપવું જરૂરી છે. યુવાનો આપણું ભવિષ્ય છે. ટ્રસ્ટ માટે ૧૧ ઉમેદવારો ચુંટવાના છે અને તે માટે ઓછામાં ઓછા ૭ મત આપવા જરૂરી છે. મહાજન માટે ૪૪ ઉમેદવારો ચુંટવાના છે તે માટે ઓછામાં ઓછા ૨૫ મત આપવા જરૂરી છે.*

*આવો, આ ચુંટણીમાં જે ઉમેદવારો પારદર્શી વહીવટ આપવા સક્ષમ હોય તથા જ્ઞાતિને ઉત્તમ ભવિષ્ય તરફ લઈ જાય એવા વ્યક્તિઓને ચુંટીએ. આ ચુંટણીમાં મોટા ભાગના વર્તમાન ટ્રસ્ટીશ્રીઓએ ઉમેદવારી નથી નોંધાવી એ સારી નિશાની નથી. દરેક કાર્યકાળમાં પેન્ડીંગ કાર્યો પુરા કરવા માટે ઓછામાં ઓછા ૨૫% ટ્રસ્ટીઓ તથા સભ્યો અનુભવી ટ્રસ્ટી મંડળ તથા કારોબારીના હોય એ ઈચ્છનીય છે.*

*આશા રાખું છું કે નવી ચુંટાનારી ટીમ વધુ સારી કામગીરી બજાવી જ્ઞાતિ સામેના પડકારોને પહોંચી વળશે.*

**– *હિરાચંદ દંડ*, Mob.: 7738508150**






**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ મહારાષ્ટ્ર એકમ

## જનરલ સભા - ધુલીયા મુકામે

ધુલીયા બોર્ડીંગ સાથે સ્કુલના આમંત્રણને માન આપી ધુલીયા મુક્કામે મહારાષ્ટ્ર એકમની જનરલ સભા સંસ્થામાં બપોરે ૩ કલાકે પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગર મ.સા.ની નિશ્રામાં, સાથે મહારાષ્ટ્ર એકમના પ્રમુખશ્રી તિલોકચંદ નરસીભાઈ દંડના પ્રમુખપણા હેઠળ બોલાવવામાં આવેલ.

સૌ પ્રથમ પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવી તેમનું ગુરૂપૂજન સાથે શાલ શ્રીફળ અર્પણ કરી, તેમના ૭૫ વરસના જીવનયાત્રાની અનુમોદના કરી તેમના આશીર્વાદ મેળવેલ. તેમના ૭૫ વરસની ઉજવણી રૂપે મહારાષ્ટ્ર એકમ તરફથી રૂપિયા ૨૫,૦૦૦/-ના ચેક અર્પણ કરી અનુમોદના કરેલ.

ત્યારબાદ એજન્ડાના રૂપે જનરલ સભાનું કામકાજ ચાલૂ કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલા શ્રધ્ધાંજલિમાં એકમના ઉપપ્રમુખ શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (સાંગલી) તેમજ ખામગામનિવાસી શ્રી અનિલ વિકમસી, જેમણે એકમના ફાઉન્ડર થી સભ્યો અને પદાધિકારી તરીકે સેવા આપેલ તેમના કાર્યનો ગુણાનુવાદ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ. ત્યારબાદ આ વરસે મહિલા મંચ, યુવા મંચના કાર્યક્રમ સંજોગવસાત લીધેલ નથી, ફક્ત જનરલ સભાનું આયોજન કરેલ તેની નોંધ પ્રમુખશ્રીએ કરેલ.

મહારાષ્ટ્ર એકમના માનદમંત્રી ગોવિંદજીભાઇ સોની ધુલીયાવાળાએ પધારેલ મહાનુભાવોનું સ્વાગત કરી પ્રસ્તાવના કરેલ. એજન્ડા મુજબ વિષયનું કામકાજ ચાલુ કરી ગત મીટીંગની મીનીટ વાંચન કરેલ તેને આજની સભાએ સર્વાનુમતે મંજુર કરેલ. ત્યારબાદ એકમના ઑડીટ રિર્પોટ-આવક-જાવકનું સભા સમક્ષ એકમના ખજાનચી ઉત્તમભાઈ દંડએ વાંચી સંભળાવેલ. આવતા વર્ષનું બજેટ બનાવેલ તે બજેટ આવક-જાવક-ઑડીટ રિર્પોટ ને સર્વાનુમતે મંજુર કરેલ.

મહારાષ્ટ્ર એકમના ધારાધોરણ મુજબ શૈક્ષણીક સહાયતા તેમજ આર્થિક મદદ કરેલ તેમનું વાંચન કરી સર્વાનુમતે મંજુરી મેળવેલ. એકમના ઉદેશોને લઈ મહિલા મંચ દરેક ગામોમાં પ્રવૃતી ચાલૂ કરેલ છે તેની અનુમોદના કરેલ સાથે યુવામંચના સભ્યો સંજોગવસાત પોતાના કાર્યમાં વ્યસ્ત રહીને પોતાનું જીવન ચલાવે છે. પણ એકમના ઉદેશો સાથે રાખી યુવામંચ જાગૃત રહે એવી ભલામણ એકમના પ્રમુશ્રી અપીલ કરી જાગૃત થાય, એવી સમજ આપી.

એકમના ઉદેશો લઈ એકમની કાર્યકરણીમાં સૌના સાથ સહકાર્ય મળતા રહેલ છે. પણ જાગૃતી લાવી એકમને મજબુત બનાવવા માટે આપણા સૌના સાથની અત્યંત જરૂર છે એવા મતંવ્ય નાસીકથી રાજેન્દ્ર દામજી પોલડીયા સભા સમક્ષ રજુ કરેલ. તેમજ ઔરંગાબાદ થી વિનોદભાઈએ પણ યુવા મંચને સંબોધી, એકત્ર થવા અપીલ કરેલ. ધુલીયા નિવાસી કેતન ગોસરે એકમના શૈક્ષણીક ક્ષેત્ર આગળ વધવા માટે ધુલીયા સંસ્થાએ શૈક્ષણીક સહાયતા જાહેર કરેલ તેની જાણ કરી જરૂરીયાતમંદ વિદ્યાર્થી શૈક્ષણિક ક્ષેત્ર અરજી કરવા ભલામણ કરેલ. ધુલીયા સંસ્થાને આમંત્રણ આપી એકમએ ધુલીયામાં જનરલ સભા આયોજન કરેલ તેનો આભાર વ્યક્ત કરેલ.

એકમની કાર્યકરણી પ્રસંગે એકમે માન આપીને જે બહુમાન કરેલ તેની અનુમોદના પૂજ્ય યતિવર્ય શ્રી મહારાજ સાહેબ આશીર્વાદ આપેલ.

એકમ પ્રમુખશ્રી તિલોકચંદભાઈએ એકમના ઉદેશોને લઈ આપણે સૌનો સાથ સહકાર મળે છે, પણ હજી આગળ વધવાનું છે. માટે જાગૃતી લાવવી બહુજ જરૂરી છે જેની નોંધ આપેલ.

બાદમાં સર્વાનુમતે જનરલ સભા એજન્ડા મુજબ કાર્ય પૂર્ણ થયેલની જાહેરાત કરતા આભાર વ્યક્ત કરી, પ્રમુખશ્રીની પરવાનગીથી જય બોલાવવામાં આવેલ.

## શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

# પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા. સંસ્થા તરફથી અમૃત મહોત્સવ

આપણી જ્ઞાતિના પૂજનીય યતિવર્ય પ.પૂ. મોતીસાગરજી મ.સા.નું જન્મ વરસ ૭૫ ચાલૂ છે. ધુલીયા બોર્ડીગ અને શ્રીજી ઇંગ્લીશ મીડીયમ સ્કુલના તેઓ પ્રમુખશ્રી છે. તેમના અમૃત મહોત્સવનું આયોજન ધુલીયા મુક્કામે કરેલ.

અમૃત મહોત્સવની સભાના અતિથી વિશેષ તરીકે પારોલા તિર્થના માનદ્ સભ્ય સુશ્રાવક શ્રી વિનોદ ખીમજી લોડાયા - ઔરંગાબાદવાલા, શ્રી ક. દ. ઓ. મહારાષ્ટ્ર એકમના પ્રમુખશ્રી, ધુલીયા સંસ્થાના - ચેરમન, શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ - મલકાપૂરવાલા પ્રમુખપણા હેઠળ સાથે ઉપપ્રમુખ શ્રી દિનેશ રતિલાલ મૈશેરી - બુરાનપુરવાલા, માનદ્મંત્રી શ્રી કેતન ઠાકરસી ગોસર, સંસ્થાના સભ્યો, ધુલીયા મહાજનશ્રી - પદાધિકારી - સભ્યો, અચલગચ્છ મહિલા મંડળ, ક. દ. ઓ. યુવા મંચ ના પદાધિકારી - સભ્યો, મહિલા મંચ ધુલીયાના સભ્યો, શ્રીજી ઇંગ્લીશ મીડીયમ સ્કુલના પ્રિન્સીપલ - સ્ટાફ - વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની હાજરીમાં અમૃત મહોત્સવની શરૂઆત કરવામાં આવેલ.

ગુરૂદેવ સંસ્થામાં પધારતા જ્ઞાતિબંધુ સાથે સ્કુલ સ્ટાફ, સ્કુલના વિદ્યાર્થીઓએ તેમને આવકાર આપી ઢોલ-નગારા-શરણાઈ સાથે વાજતે ગાજતે સ્વાગત કરી. સંસ્થાને પ્રદક્ષિણા આપી શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરે ભક્તિ સાથે દર્શન કરાવી સભા સ્થાને બિરાજમાન કરાવેલ.

મંચ સ્થાપના, દિપ પ્રજ્વલન સાથે ફોટાઓને માળા રોપણ કરી તેમને સ્થાન ગ્રહણ કરાવેલ. સંસ્થા તરફથી સ્વાગત ગીત સૌ. લતા બહેન, સૌ. પ્રિતી બહેન ગાઈને પધારેલ સર્વે મહાનુભવોનું સ્વાગત કરેલ. શ્રીજી ઈંગ્લીશ સ્કુલના ટીચરે વંદનાવલી આપી સર્વ મહાનુભવાને આવકાર આપી સ્વાગત કરેલ.

કાર્યક્રમની શરૂઆત કરતા પહેલા સૌ પધારેલ મહાનુભવોએ પૂ. ગુરૂદેવ યતિવર્ય મોતીસાગરજી મ.સા. ના ગુરૂવંદન કરેલ અને શાતા પુછીને, પૂ. ગુરૂદેવએ માંગલીક સંભળાવીને આર્શીવચન આપેલ. સંસ્થા તરફથી યતિવર્ય મોતીસાગરજી મ.સા. ને શાલ - શ્રીફળ, અતિથી વિશેષ શ્રી વિનોદ ખીમજી લોડાયા સાથે સંસ્થાના પ્રમુખશ્રી - ઉપપ્રમુખ - માનદ્મંત્રી તેમનું બહુમાન કરેલ. સંસ્થા, સ્કુલ તરફથી મીઠાઈની કેક કાપી ૭૫ વરસના જીવનપંથની શુભકામના આપી, આર્શીવાદ મેળવેલ. સંસ્થાના માનદમંત્રી શ્રી કેતનભાઈ ઠાકરસી ગોસર સર્વે પધારેલ મહાનુભવોને આવકાર આપીને પ્રસ્તાવના આપેલ. પૂજ્ય ગુરૂદેવને ૭૫ વરસની વધાઈ આપેલ. સર્વ મહાનુભાવોએ તાળીઓના નાદથી વધાવેલ.

સંસ્થાના વિદ્યાર્થી માજી માનદ્મંત્રી, હાલમાં ખજાનચી તરિકે સેવા આપતા શ્રી ગોવિંદજી નેણસી સોનીએ પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ના ૭૫ વરસ જીવન ચરિત્ર સાથે ગુરૂદેવના જ્ઞાતિ ઉપર ઉપકારનો ઈતિહાસની ઝાંખી કરાવેલ. મુંબઈ મહાજનના પ્રમુખશ્રી શાંતીલાલ મુલજી શિયાડના પ્રમુખપણા હેઠળ શ્રી અનંતનાથ દેરાસરમાં શ્રીપૂજ્ય શિષ્ય બનાવવા યતિવર્યની દિક્ષા આપી. જ્ઞાતિએ શ્રીપૂજ્યના શિષ્ય બનાવી ગાદી ઉપર બિરાજમાન કરેલ. જ્ઞાતિ ઉપર તેમના આર્શીવાદ, જ્ઞાતિના દરેક કાર્યક્રમમાં હાજરી આપી દરેક કાર્યક્રમ સફળ બનાવ્યા છે. અચલગચ્છ અધિષ્ઠાઈકા મહાકાળી માતાજી ભાવના પેડી પ્રસાદીની સિલ્વર જુબલી સાથે અનંતનાથ દેરાસરે માતાજી પાસે ભાવના સાથે મુંબઈથી પાવાગઢ યાત્રાનું આયોજન કરી માતાજીના આર્શીવાદ સતત મેળવીને જ્ઞાતિ ઉપર ઉપકાર કરેલ છે. શ્રી પૂજ્ય જિનેન્દ્રસાગરજી મ.સા. ના નામથી ચાલતી સંસ્થા શ્રી ભૂજપૂર સ્થાને મંદિર - સ્કૂલ પણ ચાલૂ કરીને ધુલીયા મુક્કામે પ.પૂ. ગુરૂદેવ શ્રી જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા., શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીગૃહ, શ્રીજી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, પારોલા તિર્થ મહાકાલીમાતાજી સાથે ચક્રેશ્વરી માતાજીની પ્રતિષ્ઠા કરાવી. જ્ઞાતિ જ્યાં પણ વસે છે ત્યાં દર મહિને માતાજીની ભાવના ચાલૂ કરાવી. પ.પૂ. ક્ષમાનંદશ્રીજી મ.સાહેબ સાથે રહી પૂજા-પૂજન-ભાવના-પ્રતિષ્ઠા સાથે સંસ્કૃત ભાષામાં અભ્યાસ ચાલૂ કરી ડીગ્રી મેળવી. પોતાના જીવને સારા કાર્યમાં ગંગા વહેતી રાખેલ. તેમના જીવનમાં સુખ-સમૃદ્ધી સાથે દિર્ઘ આયુષ્યની પ્રભુ તેમજ માતાજી પાસે પ્રાર્થના કરીએ તેમના આર્શીવાદ સતત મળતા રહે એ જ પ્રાર્થના કરીએ.

પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ના અમૃત મહોત્સવ પ્રસંગે અતિથી વિશેષ શ્રી વિનોદભાઈ ખીમજી લોડાયા, સંસ્થા ચેરમેન શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ, ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ રતિલાલ મૈશેરી, ધુલીયા - જલગામ - અમલનેર - પાચોરા - નાસીક મહાજનોના પદાધિકારી પોતાના મંતવ્ય રજુ કરેલ આર્શીવાદ મેળવેલ. શ્રીજી સ્કુલના પ્રિન્સીપલ - સ્ટાફ સાથે વિદ્યાર્થીઓએ પણ ગુરૂદેવની અનુમોદના કરેલ. ૭૫ વરસ જીવન સફળતાની ખુશાલી દરેક સ્કૂલના સ્ટાફ આશીર્વાદ આપી તેમના હસ્તે સંસ્થા તરફથી ભેટવસ્તુ વિતરણ કરેલ. તેમની પ્રશંસા કરી જ્ઞાતિ ઉપર સાથે સંસ્થા ઉપર જે ગુરૂદેવના સતત આર્શીવાદ વહેતા રહે, તેમનું સ્વાસ્થ્ય સારૂં રહે, દિર્ઘ આયુષ્ય સાથે તેમની શુભ ભાવના આપેલ. અમૃત મહોત્સવ પ્રસંગે પધારેલ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ કરાવી જય બોલાવી.

|| શ્રી વાસુપૂજ્ય નમઃ ||          || શ્રી શાંતીનાથાય નમઃ ||          || શ્રી મહાકાલી નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી ગૃહ - ધુલીયા

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાએ શ્રી અનંતનાથજી દેરાસર બંધાવીને જ્ઞાતિને અર્પણ કરેલ. તેવી જ રીતે શેઠશ્રી ના દિકરા શેઠશ્રી હરભમ નરશી નાથા ખાનદેશમાં પારોલા મુક્કામે શ્રી શાંતીનાથજીનું મંદિર બનાવી શ્રી પારોલા મહાજનને અર્પણ કરેલ. પારોલા મહાજન જ્ઞાતિના સાત મહાજનોનું મહાજન છે. પારોલા મહાજન છેલ્લા ૧૬૦ વરસ થી સામાજીક - ધાર્મિક - સાધર્મીક ભક્તિ સાથે શૈક્ષણિક પ્રવૃત્તીઓ કરતું આવે છે. ખાનદેશ - મુંબઈ દેશ દેશાવરથી જ્ઞાતિબંધુ પર્વ આરાધના કરવા પારોલા આવે છે.

લગભગ ૬૦ વરસ પહેલા પારોલા તીર્થે પ.પૂ. ક્ષમાનંદજી મ.સા. પર્વ આરાધના કરાવવા પારોલા પધારતા તેમની નિશ્રામાં ૧૦ દિવસ દરેક ગામોના જ્ઞાતિબંધુ પારોલા તીર્થે આવતા. શિવજીભાઈ મઢળાવાલા પર્વ આરાધના કરવા આવતા ને જ્ઞાતિબંધુના સામાજીક બાબત વિચાર વિનીમય થતા. શૈક્ષણિક ક્ષેત્રે પૂ. ક્ષમાનંદજી મ.સા. ને વિચાર આવતા તેમણે પારોલા મહાજન સમક્ષ વાત કરી કે ખાનદેશના શૈક્ષણિક ક્ષેત્ર ભણતા વિદ્યાર્થીઓ માટે આપણી જ્ઞાતિની બોર્ડીંગ હોવી જોઈએ. તેમના વિચારો પારોલા મહાજન સમક્ષ મુક્યા. તેમના વિચારો ઉપર ચર્ચા વિચારણા થઈ. જલગામ - ધુલીયા શૈક્ષણિક ક્ષેત્ર સારી છે. બન્ને ગામના સર્વે કરી ધુલીયા મુક્કામે સ્કુલ - કૉલેજ - મેડીકલ - સાયન્સ - કૉમર્સ કૉલેજો હોવાથી ધુલીયા મુક્કામે બોર્ડીંગ ખોલવાનું નકી થયેલ. રૂા. ૫૧,૦૦૦/- નું માતબર દાન પૂ. ક્ષમાનંદજી મ.સા. તેમના ગુરૂ અચલગચ્છાધિપતિ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા., શ્રી ક. દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહનું નામ સને ૧૯૬૪માં નિર્ણય થયો. અને ૧૯૬૫માં ખાનદેશના જ્ઞાતિબંધુ વડીલોના સાથ સહકાર્યથી પારોલા તિર્થ સંસ્થાનો જન્મ થયો ને બોર્ડીંગ માટે નવી કારોબારી સમિતી સ્થાપન કરીને બંધારણ બનાવી પારોલાના સાત મહાજનના સહકાર્યથી છેલ્લા ૫૫ વરસથી સંસ્થા ચાલી રહી છે. બોર્ડીંગ પહેલા ભાડામાં મકાનમાં ચાલૂ, વિદ્યાર્થીઓની સંખ્યા વધતા સંસ્થાએ ધુલીયા મુક્કામે ૭૬,૦૦૦ સ્ક્વેઅર ફીટની જગ્યા શેઠશ્રી ગુલાબચંદ ભવાનજી લોડાયાએ બહુજ નજેવી કિમતે ખરેદી કરેલ. તે જ જગ્યામાં માણેકજી પરબત બિલ્ડીંગનું નામ આપવામાં આવેલ. સર્વે વ્યવસ્થા સાથે બોર્ડીંગ બનાવેલ. વિદ્યાર્થીની જરૂરીયાત ધ્યાનમાં રાખી આલીશાન બોર્ડીંગ બનાવી શૈક્ષણિક ક્ષેત્રે ખાનદેશ તેમજ મુંબઈ બહાર ગામોગામના ભણવા માટે આવતા. ૯૫% વિદ્યાર્થી ફ્રી લવાજમમાં લઈ શૈક્ષણિક ક્ષેત્રે ભણતા. સારા સ્કુલ - કૉલેજમાં સારો અભ્યાસ કરી આગળ વધતા. પહેલી કારોબારી કમિટી ૫ વર્ષની હતી પછી દર ૩ વર્ષે કારોબારીની ચુંટણી થતી. સંસ્થાના પહેલાં ચેરમેન શેઠશ્રી પાસુભાઈ શિવજી અમલનેરવાલા પછી શેઠશ્રી દેવશી કચરાભાઈ ડાઘા, શેઠશ્રી ગુલાબચંદ ભવાનજી લોડાયા (ધુલીયા), શેઠશ્રી નરસી જેઠાભાઈ દંડ (મલકાપુર). બધા ચેરમનો જ્યાં સુધી જીવીત હતા ત્યાં સુધી તેમણે સંસ્થામાં તન-મન-ધનથી કાર્ય કરેલ. હાલમાં શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ મલકાપૂરવાલા ચેરમેન પદ છેલ્લા ૨૫ વર્ષથી સંભાળી રહ્યા છે. શેઠશ્રી ગુલાબચંદ ભવાનજી લોડાયા ચેરમેન હતા ત્યારે ગામોગામ સ્કુલ - કૉલેજો ખુલતા ગયા. શૈક્ષણિક ક્ષેત્ર આગળ વધતા ધુલીયા બોર્ડીંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા લાગીને ખોટ તરફ જવા લાગી ત્યારે ગુજરાત રાજ્ય થી ભણતા બાળકો ધુલીયા કૉલેજમાં ભણવા માટે આવેલ ત્યારે તેમને બોર્ડીંગ ચાલૂ રાખવા માટે સતત પ્રયાસો ચાલૂ હતા. શેઠશ્રી ગુલાબચંદ ભવાનજી લોડાયાના સ્વર્ગવાસ પછી શેઠશ્રી નરસી જેઠાભાઈ દંડ મલકાપૂરવાલાએ ચેરમેન પદ સ્વીકારી બોર્ડીંગની પરિસ્થીતી ઉપર ઉંડો અભ્યાસ કરી સંસ્થાને ખોટમાંથી બહાર લાવવા માટે અથાંગ પ્રયાસો કર્યા. બોર્ડીંગને ખોટમાંથી બચાવવામાટે બોર્ડીંગની જગ્યા ઉપર ૨૦ દુકાનો બનાવવા માટે શોપીંગ સેન્ટર બનાવી તે શોપીંગ સેન્ટર ઉપર પ.પૂ. ક્ષમાનંદજી શ્રીજી કોમ્લેક્ષ નામ આપ્યું ને સંસ્થા માટે કાયમી ભાંડાની દુકાનમાંથી ઉપજ મેળવેલ. સંસ્થા પાસે શોપીંગ સેન્ટર બનાવવા માટે જે ભંડોળ હતું તેની વ્યાજની ઈન્કમ બંધ થતા તે વ્યાજ પણ શેઠશ્રી નરસીભાઈ આપતા ને બોર્ડીંગ ખોટમાંથી બચાવવાના પ્રયત્નો કરતા. બોર્ડીંગમાં સંખ્યા ઘટતા ખોટમાં જવાથી કાયમી ધોરણે સંસ્થા ચાલૂ રહે ને પગભર થાય એજ ચિંતા તેમને રહેતી અને કારોબારી કમિટી પણ ધ્યાન આપતી વિશ્વાસ રાખી કાર્ય ચાલતું. છતાં પણ સંસ્થાની ખોટ વધતી હતી, વિદ્યાર્થી સંખ્યા ઘટતી હતી, તેના ઉપર ઉંડો વિચાર કરી સંસ્થાના ધારાધોરણ મુજબ શૈક્ષણિક સંસ્થા છે તે ધ્યાનમાં રાખી બોર્ડીંગ બંધ કરી શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધવા માટે તેજ જગ્યા ઉપર સ્કુલ બનાવવાનો વિચાર થયો. સ્કુલ બનાવવા માટે સંસ્થા પ્રમુખશ્રી યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ને વાત કરી. તેમની સંમતીથી ૧૯૯૪ થી સંસ્થાનું નામ કાયમ રાખી સંસ્થા સંચાલીત શ્રીજી ઈંગ્લીશ મીડીયમ સ્કુલની સ્થાપના કરી. સ્કુલની

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી ગૃહ - ધુલીયા

શરૂઆત નર્સરી – કે.જી. – સીનીયર કે.જી. થી કરીને આગળ શૈક્ષણિક ક્ષેત્ર પ્રાથમિક સ્કુલ ચલાવવા સરકારી કાર્યવાહી કરી. ૧૯૯૭માં સ્કુલ ચલાવવા પરમીશન મળી. આજે સ્કુલમાં નર્સરી થી ૧૦ ધોરણમાં ૫૧૦ વિદ્યાર્થી શિક્ષણનો લાભ લઈ રહ્યા છે.

જેમાં સંસ્થા સ્કુલ ચલાવવાનું કાર્ય જલગામ – અમલનેર – બુરાનપુર – દોડાંઈચા – ચોપડા – પારોલા – જલગામ – પાચોરા – ફેઝપુર – શિરપુર – યાવલ – નાસીક – મલકાપૂર – માલેગામ – સ્થાનીક ધુલીયા મહાજન ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી સ્કુલની મોટી જવાબદારી તેમને સોપવામાં આવી. ધુલીયા ગામના શ્રી ચંદ્રકાંતભાઈ, કાન્તાબાઈ, ઈશ્વરશેઠ, પ્રદિપભાઈ, નવિનચંદ્રભાઈ, કેતનભાઈ, અભયચંદભાઈ, લતાબેન, જયેશભાઈ, ખીરીસભાઈ, રાજેન્દ્રભાઈ, પરેશભાઈ સાથે ગોવિંદજીભાઈ સારી મહેનત કરી છે અને કરી રહ્યા છે. તેમની મહેનત કારોબારી કમિટી સાથ–સહકારથી સંસ્થામાં શોપીંગ સેન્ટર, સ્કુલ બિલ્ડીંગ, રમત ગમત માટે મેદાન બનાવીને ખોટમાંથી બહાર કાઢેલ છે. સંસ્થાએ ઘણાજ ચડાવ–ઉતાર જોયા પણ કાર્યકર્તા ઉપર વિશ્વાસ રાખી તેમની અથાગ મહેનત જ્ઞાતિનો વિશ્વાસ મળતા સંસ્થાએ ૧ ઈતિહાસ રચેલ. શ્રીપૂજ્ય નામની સંસ્થા, પ.પૂ. ક્ષમાનંદજી શ્રીજી શોપીંગ સેન્ટર, શ્રીપૂજ્ય ના નામની શ્રીજી ઈંગ્લીશ સ્કુલ બહુજ સારી રીતે ચાલી રહી છે. આગળ વિદ્યાર્થીમાટે જે બોર્ડીંગ બંધ કરેલ છે તે શૈક્ષણિક ક્ષેત્રે પૂના બોર્ડીંગ ચાલૂ કરવા વિચારી રહી છે. આપ સૌના સાથ સહકાર્ય મળતા રહ્યા છે અને આગળ પણ મળતા રહેશે એવી અભિલાષા રાખી છે.

પૂ. ગુરૂદેવના ૭૫ વરસ થયાની ખુશાલીમાં તેમના હાથે સંસ્થાના તેમજ સ્કુલના સ્ટાફને ૩ પીસનું કુકર સંસ્થા તરફથી ભેટ આપવામાં આવેલ. ગુરૂદેવે તેમને આશીર્વાદ આપી તેમના કાર્યની અનુમોદના કરી આવીજ રીતે આગળ વધવાની પણ ભલામણ કરેલ ને સ્કુલ સાથે સંસ્થાનું નામ ઉચ્ચ સ્તરે લઈ જવાની જવાબદારી સોંપી. જનરલ સભાનું એજન્ડા પ્રમાણે વિષયોનું કામકાજ કરવામાં આવેલ. તેમા હાજર રહેલ સર્વે સભાસદોએ સર્વાનુમતે ઠરાવ મંજુર કરવામાં આવેલ.

સંસ્થાના ચેરમેન શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડે પોતાના મંતવ્યની ખાસ નોંધ કરેલ કે સંસ્થા સ્થાપક પૂ. ક્ષમાનંદનજી મ.સા. ના વિચારોનું હું સ્વાગત કરૂ છું. પૂ. ગુરૂદેવ પોતાના ગુરૂના નામની સંસ્થા ઉભી કરી, ગુરૂનું નામ રોશન કરી, જ્ઞાનની ગંગા તરતી રાખી. જ્ઞાતિ માટે શૈક્ષણિક ક્ષેત્ર કાયમ રાખી સંસ્થાએ પણ ૩ ગુરૂદેવ જેમા અચલગચ્છાધિપતિ જિનેન્દ્રસાગરજી મ.સા. ના નામની સંસ્થા, પ. પૂજ્ય ક્ષમાનંદજી મ.સા. કોમ્પ્લેક્સ ઉપર નામ લખી શૉપીંગ સેન્ટર ચાલૂ કરેલ. સાથે પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. નું નામ સ્ટેજ ઉપર સાથે; શૈક્ષણિક સહાયતામાં પણ નામ આપી કાયમ સહરૂપ ૩ ગુરૂદેવના નામ આપવા જે સંસ્થાએ આયોજન કરેલ. તેમા સંસ્થાના સભ્યોની પણ સાથ સહકાર્ય કરેલ ને યોગ્ય નિર્ણય લઈ ૩ ગુરૂદેવનું નામ– ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરે અંકીત કરેલ છે. તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

આજ રોજ સંસ્થાને ૫૪ વરસ થયા છે. ૫૪મી જનરલ સભા સંસ્થા પ્રમુખશ્રી યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ની નિશ્રામાં બોલાવવામાં આવેલ. સંસ્થાના ચેરમેન શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડની હાજરીમાં પૂજ્ય યતિવર્ય મ.સા. ૭૫ વરસ થયાની શુભેચ્છા આપી. સ્કુલમાં ૧ સ્ટેજ બનાવવાનું નકી કરેલ તે સ્ટેજ ઉપર પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. નું નામ કાયમી રાખવા આવશે. સાથે જ્ઞાતિના વિદ્યાર્થી માટે દર વરસે રૂા. ૧૦ લાખ સુધી મદદ પણ પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. શૈક્ષણિક સહાયતા નામે આપવામાં આવશે. જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ લાભ લીધેલ હશેજ તે વિદ્યાર્થી પગભર થતા તે લીધેલ સહાયતા તેમની અનુકુળતા મુજબ પાછી આપવાની રહેશે. જેથી બીજા જરૂરતમંદ વિદ્યાર્થીને મદદરૂપ થાય. કાર્ય કરવા સરળતા થાય એ જ હેતુથી આપવામાં આવશે. આજની સભામાં ગુરૂદેવના નામની ૨ જાહેરાત સર્વસંમતિથી ઠરાવ પાસ થયેલ છે. સંસ્થા છેલ્લા ૫૪ વરસથી ઑડીટ રીપોર્ટ તૈયાર કરે છે અને તેને દર વરસે જનરલ સભામાં મુકી પાસ કરવામાં આવે છે. સંસ્થાનું બજેટ દર વરસે તૈયાર કરી સર્વાનુમતે મંજુરી મેળવીને પાસ કરેલ છે. ૫૪ વરસ સંસ્થા અહેવાલ વાંચન દર વરસે થાય છે જે સર્વ સંમતિથી પાસ થાય છે. એજન્ડા મુજબ વિષય ઉપર ચર્ચા વિચારણા કરી ઠરાવ સર્વ સંમતિથી પાસ થયા છે. છેલ્લે સંસ્થા તરફથી આભાર વ્યક્ત કરી સભાનું કામકાજ પૂર્ણ થયેલ ની જાહેરાત કરવામાં આવેલ. સંસ્થાના સહ માનદ્ મંત્રીશ્રીએ પધારેલ મહેમાનોનો આભાર વ્યક્ત કરી પ્રમુખ સાહેબની સંમતિથી સભાનું કાર્ય પણ પૂર્ણ થયેલની જાહેરાત કરી જય બોલાવેલ.

# સંસ્થાના કાર્યકર્તામાં જરૂરી પંચશીલ

– **પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**, કોઠારા–સુરત, મો. ૯૯૭૮૯૦૩૨૪૭

ટી. વી. પર એક પેઈન્ટ કંપનીની જાહેરાત આવે છે, જે એવા પેઈન્ટનું નિર્માણ કરવાનો દાવો કરે છે કે તેમના પેઈન્ટને વરસાદ, ધૂળ, તોફાન જેવા બાહ્ય પરિબળો અસર કરતા નથી અને જે મકાનને લેમિનેશન જેવું રક્ષણ આપે છે. અને તે ભાર પૂર્વક દર્શાવવા જાહેરાતમાં એવું બતાવે છે કે એક ગુંડા બદમાશની શ્રેણીમાં આવતો યુવાન રાજકીય નેતા બને છે અને કરોડો રૂપિયાનું કૌભાંડ કરે છે, છતાં પણ ખુલે આમ ફરે છે અને ગર્વથી કહે છે કે **अपुनका आखा लाइफ लैमिनेटेड है ।** આજકાલ જે રાજકીય વાતાવરણ છે, તેનું આ જાહેરાત કદાચ તાદ્દ્શ ચિત્ર રજુ કરે છે અને દિવસે દિવસે જાહેર જીવન કે વ્યકતિગત જીવનમાં પ્રામાણિકતાનો જે રીતે લોપ અને હાર્શ થઇ રહ્યો છે તેમાંથી રાજકીય, સામાજિક, સાર્વજનિક અને ધાર્મિક સંસ્થાઓ પણ બાકાત રહી નથી. આ એક સર્વસાધારણ અભિપ્રાય નહીં પણ તારણ ઉભરી રહ્યું છે. અને મોટા ભાગે દરેક ક્ષેત્રમાં આર્થિક કૌભાંડો જ વધારે જોવા મળે છે. સફળતા અને પૈસા કમાવવાની હોડમાં આજે પ્રામાણિકતાનો ભોગ લેવાઈ રહયો છે. ગુજરાતીમાં એક કહેવત છે ''સૌનું એ કોઈનું નહીં '' એટલે જે સંપત્તિ જાહેર વપરાશ માટે હોય તેનું કોઈ રણીધણી નથી હોતું. જે પ્રજા અપ્રામાણિકતાને સફળતા માટે અત્યંત જરૂરી પરિબળ માને છે, અને યેનકેન પ્રકારે સત્તા, પદ, પદવી કે ગાદી હાંશિલ કરેલ વ્યકતિને સ્વીકારે છે અને માનપાન આપે છે, તે પ્રામાણિક વહીવટની અપેક્ષા કેવી રીતે રાખી શકે? એટલે કોઈ પણ જાહેર સંસ્થા કે વ્યવસ્થા પછી તે સરકાર હોય,સામાજિક સંસ્થા હોય, સહકારી સંસ્થા હોય કે ધાર્મિક સંસ્થા હોય તેના વહીવટ માટે જયારે ઉમેદવાર ચૂંટવાનો હોય કે પસંદ કરવાનો હોય ત્યારે કદાચ સૌથી વધારે મહત્વની કોઈ યોગ્યતા હોય તો તે છે પ્રામાણિકતા. આમ તો કોઈ પણ જાહેર સંસ્થાના કાર્યકર્તામાં જેને પંચશીલ કહી શકાય તેવા પાંચ શીલ એટલે કે ગુણ કે સદગુણ હોવા જરૂરી છે.જે મારા વિચાર પ્રમાણે નીચે પ્રમાણે છે.

**ઈમાનદારી :** ઈમાનદારી કે પ્રામાણિકતા એ સૌથી મહત્વનો ગુણ અને જરૂરિયાત છે. કારણકે કોઈ પણ સંસ્થા ચલાવવા માટે આર્થિક વ્યવહાર કરવો જ પડે છે. પૈસાનો યોગ્ય અને વિનયપૂર્વક વહીવટ કરવાની જરૂરત રહે છે, ખાસ કરીને જે તમારી પોતાની માલિકીના ના હોય ત્યારે. ખોટા ખર્ચ કે પૈસાનો વ્યય ના થાય તે જરૂરી છે. કરકસર અને કાળજી એ બે મહત્વના અભિગમ નાણાકીય વહીવટ માટે જરૂરી છે. મોટાભાગે બેઈમાન કે બદમાશ વ્યકતિઓ સામાજિક સંસ્થાઓમાં નથી હોતી છતાં પણ મારા લગભગ છ એક સંસ્થાઓના નિકટના અનુભવે જણાવું છું કે મોટા ભાગના કાર્યકર્તાઓ કોઈ અગમ્ય કારણે કે ઉદાસીનતાના કારણે સંસ્થાઓના આવક જાવકના હિસાબો જાહેર કરવામાં ઉત્સાહિત નથી હોતા. કેટલાક માત્ર આવકના આંકડાઓ જાહેર કરે છે કેમકે તેના માટે દરેક સભ્યને તેના ફાળા બદ્દલ રશીદ આપવી પડે છે, પણ જાવક કે ખર્ચનો હિસાબ આપવાનું ટાળે છે. અહીં અપ્રામાણિકતા કરતાં ઉદાસી વધારે માલુમ પડે છે. પારદર્શિતાનો અભાવ એ મોટા ભાગની સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની ખામી છે. એક સર્વ સાધારણ હકીકત છે કે મોટા ભાગની સંસ્થાઓ રજિસ્ટર્ડ નથી હોતી તેથી તેમના પાન કાર્ડ બની શકતા નથી, એટલે સરકારના નવા કાયદા મુજબ બેન્કમાં ખાતું ખોલાવી શકાતું નથી, તેથી મોટા ભાગના વ્યવહાર રોકડમાં જ થાય છે. આ ખુબ જ વિચિત્ર સ્થિતિ છે, કેમકે મોટા ભાગે જે એક વ્યકતિ જેને ખજાનચી કહે છે તેને જ સંસ્થા પાસે હાલ કેટલું ભંડોળ છે તેની જ ખબર હોય. તે ઉપરાંત કેટલાક એવા ખર્ચાઓ

## નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે.

આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઈમેઈલ kdoprakash@gmail.com ઉપર અથવા **C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે.

**– તંત્રી મંડળ**

# શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા

| રજીસ્ટર ઑફિસ : | શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન કોઠારા | મુંબઈ ઑફિસ : |
|---|---|---|
| કોઠારા કચ્છ, તા. અબડાસા, | સંચાલિત | મે. કે. એન અજાણી, ૧૩૭, |
| પીનકોડ - ૩૭૦ ૬૪૫. | | અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૦૩. |
| ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫ | શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા | ફોન : ૦૨૨-૨૩૪૦૦૨૫૧ (4 to 6) |

**શ્રી કોઠારા પાંજરાપોળને જુલાઈ - ઑગસ્ટ - સપ્ટેમ્બર - ઑક્ટોબર ૨૦૧૯માં આવેલ જીવદયા ફંડમાં દાનની યાદી ''અનુમોદના''**

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૧,૦૦,૦૦૦ | અ.સૌ. હંસાબેન ભુપેન્દ્ર શીવજી ભેદા વારાપધ્ધર, માટુંગા |
| ૫૧,૦૦૦ | શ્રી એક્ઝીમ ટ્રાન્સટ્રેડ ઇંડીયા પ્રા. લી., મુલુંડ |
| ૫૦,૦૦૦ | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ, મુંબઈ |
| ૪૨,૦૦૦ | શ્રી અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ, અમદાવાદ |
| ૨૫,૦૦૦ | શ્રી શ્વેતામ્બર જૈન મંદિર, તીરપુર |
| ૨૫,૦૦૦ | શ્રી ફેનીલ મુકેશ ગોવિંદજી લોડાયા, કોઠારા - સાયન |
| ૨૫,૦૦૦ | શ્રી દામજી લક્ષ્મીચંદ જૈન, ચીંચપોકળી - મુંબઈ |
| ૨૧,૦૦૦ | માતુશ્રી સોનબાઈ ચત્રભોજ નાગડા હ. મણીલાલભાઈ નાગડા, મુલુંડ |
| ૧૭,૦૦૦ | શ્રી મુલુંડ શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ, મુલુંડ |
| ૧૫,૦૦૦ | શ્રી મહાવીર નગર શ્વેતાંબર મૂ. પૂ. જૈન સંઘ, કાંદીવલી |
| ૧૫,૦૦૦ | શ્રી નવકાર આરાધના ભવન, હાલોલ |
| ૧૧,૦૦૦ | શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ, ઘાટકોપર |
| ૧૧,૦૦૦ | શ્રી ભૂમિ પ્લાઝા ચોવિહાર હાઉસ, દાદર (વેસ્ટ) |
| ૧૧,૦૦૦ | શ્રી સાંતાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ |
| ૭,૦૦૦ | શ્રી બાબુ પન્નાલાલ શ્રી ગોડિજા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, મુંબઈ |
| ૬,૦૦૦ | શ્રી મિલાપચંદ કલજી, મુંબઈ |
| ૬,૦૦૦ | શ્રી રવિ મિલાપચંદ, મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી રાજ પરેશ પાલાણી, કોઠારા |
| ૫,૦૦૦ | શ્રી અનિલ હીરાચંદ ધૂમ, નલીયા |
| ૫,૦૦૦ | શ્રી સણોસરા ગામે બિરાજમાન શ્રી આસરા માતાજી તથા ખેતરપાલ દાદાને નમતા નાગડા ભાવિકો, સણોસરા |
| ૫,૦૦૦ | શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, મુલુંડ |
| ૫,૦૦૦ | શ્રી હેમલતા ઇનવેસ્ટ પ્રા. લી. (JVPO), થાણા |
| ૫,૦૦૦ | શ્રી હસ્તમલ કલજી, મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ આર. શાહ, કાંદીવલી |
| ૫,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મહાજન, ગદગ |
| ૫,૦૦૦ | શ્રી વિરાજ હસ્તમલ, મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી ચીરાગ ચંદ્રકાંત છેડા, વરલી |
| ૫,૦૦૦ | શ્રી એ. વી. જ. ફેશન, ઇન્દોર |
| ૫,૦૦૦ | શ્રી નીલમણી જૈન ગૃહ મંદિર, પાર્લા |
| ૫,૦૦૦ | શ્રી આશા બીપીન ગાલા, સામાઘોઘા |
| ૫,૦૦૦ | શ્રી દિપેન નલીન દામજી દંડ, વરાડીયા - મુલુંડ |
| ૫,૦૦૦ | શ્રી પોપટલાલ નાનજી વીસરીયા હ. સંદીપ મહેન્દ્ર વોરા, કોડાય |
| ૪,૦૦૦ | શ્રી પ્રકાશ કલજી, મુંબઈ |
| ૪,૦૦૦ | શ્રી સંજય મિલાપચંદ, મુંબઈ |
| ૩,૦૦૦ | માતુશ્રી ઝમકુબાઈ મુલજી કેશવજી લાપસીયા, મુલુંડ |
| ૨,૯૨૦ | માતુશ્રી પ્રેમાબાઈ મણશી શામજી લોડાયા, ડોંબીવલી |
| ૨,૫૦૦ | શ્રી ચંદ્રકાંત ખીમજી લોડાયા, કોઠારા - કુમઠા |
| ૨,૧૦૦ | શ્રી ત્રીકમદાસ શીવજી માણેક, મુલુંડ |
| ૨,૧૦૦ | શ્રી જટાશંકર ઠાકરશી, તેરા - મુલંડ |
| ૨,૦૦૦ | શ્રમતી કુસુમબેન મોતિભાઈ પટેલ પી.સી. ટ્રસ્ટ, અમદાવાદ |
| ૨,૦૦૦ | માતુશ્રી કેસરબેન લાલજી જાદવજી ગોસર ના ૯૧માં જન્મ દિવસ પ્રસંગે, વીઢ |
| ૨,૦૦૦ | શ્રીમતી ઝવેરબેન દામજી છેડા, ગુંદાલા |
| ૨,૦૦૦ | શ્રી જયંતીલાલ ઠાકરશી છેડા, પત્રી |
| ૨,૦૦૦ | શ્રી ભાદરવા સુદ પાંચમ દેવપુંજ હૉલમાં પ્રતિક્રમણ નિમિત્તે, મુલુંડ |
| ૨,૦૦૦ | શ્રીમતી રતનબેન મણીલાલ નાગડા, મુલુંડ |
| ૧,૭૦૧ | શ્રી શામજી શીવજી લોડાયા, મોટી ખાવડી - ડોંબીવલી |
| ૧,૫૦૦ | શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ, મુંબઈ |
| ૧,૫૦૦ | શ્રી પરભણી મિત્ર મંડળ હ. દીવ્યાબેન, જખૌ |
| ૧,૫૦૦ | શ્રીમતી બિંદુ વિપુલ નાગડા, વડાલા |
| ૧,૫૦૦ | શ્રી નિહાલ વિપુલ નાગડા, વડાલા |
| ૧,૨૦૦ | શ્રી રમેશ દોશી, મુંબઈ |
| ૧,૧૦૦ | શ્રી શશીકાંત ભવાનજી રૂપારેલ, કોઠારા |
| ૧,૧૦૦ | સ્વ. શ્રીમતી હિનાબેન રતિલાલ ધ્રોળ, સાંયરા |
| ૧,૧૦૦ | શ્રી દેવીદયાલ અચલગચ્છ જૈન સંઘ, મુલુંડ |
| ૧,૧૦૦ | શ્રી બદામિ દેવી સંઘ ભાનુશાલી, મુંબઈ |
| ૧,૧૦૦ | શ્રી માટુંગા બી.બી. અચલગચ્છ જૈન સંઘ, માટુંગા |
| ૧,૦૪૨ | શ્રી માહી દેઢિયા, ભુજપર |
| ૧,૦૦૦ | શ્રી અનિલ હીરાચંદ ધુમ (નાગડા), નલીયા |
| ૧,૦૦૦ | શ્રી જીગર એમ. દેઢિયા, ડોંબીવલી |
| ૧,૦૦૦ | શ્રી ભાવેશ વિસનજી દંડ, સાંધવ |
| ૧,૦૦૦ | શ્રી બકાલી હાસમ જુમા, કોઠારા |
| ૧,૦૦૦ | માતુશ્રી પાનબાઈ કેશવજી આસુ સોની, મુલુંડ |
| ૧,૦૦૦ | શ્રી રાજ સનમાઈકા, ભુજ |
| ૧,૦૦૦ | શ્રી નંદલાલ મણીલાલ ગજ્જર, ભુજ |
| ૧,૦૦૦ | શ્રી દામજી માણેકજી ધરમશી, વડાલા - કોઠારા |
| ૧,૦૦૦ | શ્રી આગ્રીપાડા જૈન મિત્ર મંડળ, મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી સુમતીનાથ ભગવાન ગૃહ જિનાલય, સાંતાક્રુઝ |
| ૧,૦૦૦ | શ્રી સદ્‌ગૃહસ્થ |
| ૧,૦૦૦ | શ્રી માતુશ્રી હીરબાઈ લખમશી જેઠાભાઈ - કોઠારા |

**નોંધ : આ સંસ્થાને આપેલ દાન ઇન્કમ ટેક્સ એક્ટ કલમ ૮૦ જી મુજબ રાહતપાત્ર છે.**

**બેંક વિગત** Name : **SHRI KOTHARA PANJRAPOLE KOTHARA**

**DENA BANK :** BHAT BAZAR BRANCH, MUMBAI-400 009.
A/c. No.: **014610004041**
RTGS : **BKDN0450146**
**સંપર્ક : મેનેજીંગ ટ્રસ્ટી નલિન કેશવજી અજાણી**
**ફોન : 022-2340 0251 • મોબાઈલ : 098200 43645**
**(સમય : બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે)**

**DENA BANK :** KOTHARA - KUTCH BRANCH
A/c. No.: **032610001905**
RTGS : **BKDN0330326**
**સ્થાનિક સંપર્ક : કાન્તીલાલ લાલકા**
**મોબાઈલ : 09377088890**

હોય છે જેના બિલ કે કેશમેમો પણ ના મળે તે ઉપરાંત ના તો તેના ઓડિટ થાય એટલે સ્થિતિ વધારે ગંભીર થાય.

**જવાબદારી :** જાહેર સંસ્થાના કાર્યકર્તામાં નૈતિક અને કાર્યની જવાબદારી સ્વીકારવાની અને તેને વહન કરવાની તૈયારી હોવી જરૂરી છે. મોટા ભાગની સંસ્થાઓમાં દરેક કાર્યકરને એની ક્ષમતા, આવડત અને યોગ્યતા પ્રમાણે કાર્ય સોંપવામાં આવે છે. જેમાંના કેટલાક કાર્ય એવા હોય છે જેમાં પ્રસિદ્ધિ ના મળે તેથી કેટલીક વાર કોઈ કાર્યકર્તા આ જવાબદારી સ્વીકાર્યા પછી પોતાનો સો ટકા ફાળો નથી આપતા જેને લઇ ને વિવાદ, વિખવાદ અને વૈચારિક વૈમનષ્ય ઉભું થાય છે. મારા એક મિત્ર એક જૈન સામાજિક ગ્રુપમાં વર્ષોથી ખજાનચીનું કામ કરતા હતા. એ સંસ્થામાં દર એક વર્ષે હોદેદારો બદલે પણ કોઈ કારણસર ખજાનચીનું કામ મારા મિત્ર જ કરતા હતા. એક વખત નવા વરાયેલા પ્રમુખે તેમની પાસેથી ગત વર્ષનો હિસાબ લેખિતમાં માંગ્યો તો તેમણે તે આપવાનો ઈન્કાર કર્યો અને કહયું કે મારા પર વિશ્વાસ હોય તો જ હું ખજાનચી તરીકે રહીશ નહીં તો બીજા કોઈને આ કામ સોંપી દો. પણ પછી સંસ્થામાં વિખવાદ ના વધે તે માટે વાત અહીં જ દબાવી દેવામાં આવી. મારા હિસાબે આ જવાબદારીને ટાળવાની વાત થઇ.

**વફાદારી :** જાહેર સંસ્થાના કાર્યકર્તામાં સંસ્થા અને તેના ઉદ્દેશો પ્રત્યે વફાદારી હોવી જરૂરી છે જેથી તે સંસ્થાની પ્રગતિ અને તેની ઉદ્દેશપૂર્તિ માટે દિલ દઈને પુરી લગન અને શ્રદ્ધા સાથે કાર્ય કરે. અહીં વ્યક્તિગત વફાદારી નહીં પણ સંસ્થાકીય વફાદારી જરૂરી છે કારણકે વ્યકતિઓ તો બદલાયા કરે.

**સમજદારી :** કોઈ પણ સંસ્થાના મુખ્ય કે વરિષ્ઠ અને ખાસ કરીને કાર્યકારી કે કારોબારી સભ્યોમાં આ ગુણ બહુજ મહત્વનો છે. કારણકે તેમણે કાર્ય નહીં પણ કાર્યકરો અને સભ્યોને સંભાળવાના હોય છે. જેના માટે બહુજ ધૈર્ય, સમજણ, ગાંભીર્ય અને ડહાપણની જરૂર પડે છે. આ કાર્ય માટે મોટા ભાગે સાંભળવું પડે, સંભાળી લેવું પડે અને કવચિત શિષ્ટ ભાષામાં સંભળાવવું પણ પડે. અહીં દુનિયાની સૌથી મોટી કંપનીમાંની એક એવી અમેઝોનેના ચેરમેન જેક માએ કહેલી વાત રજુ કરું છું. એમણે કહયું કે ''હું સારામાં સારા બુદ્ધિશાળીઓને મારી કંપનીમાં કામે રાખું છું, કેમકે મને કશું આવડતું નથી. હું તો માત્ર આ બુદ્ધિશાળીઓ એક બીજા સાથે હળીમળીને કામ કરે તેજ જોઉં છું. કેમકે આ સૌથી મુશ્કેલ કામ છે. કેટલીક વાર જવાબદાર વ્યકતિઓ પણ એવું બોલતા જોવામાં આવે છે કે ''અમે સેવા આપીએ છીએ કોઈના પગારદાર નોકર નથી''. ક્યારેક જો આવેશમાં આ બોલાઈ જાય તો ક્ષમ્ય ગણાય પણ વારંવાર જો આ ભાષાનો ઉપયોગ થાય તો તે સમજદારીનો અભાવ માની શકાય.

**દુનિયાદારી :** દરેક સંસ્થાના કેટલાક ઉદ્દેશો હોય છે જેને પુરા કરવા માટે તે ઉદ્દેશોને લાગુ પડતા નીતિ, નિયમો, બંધારણ, સરકારી કે કાયદાકીય નિયમો, આદેશો અને ફરમાનો વિષે માહિતી હોવી અત્યંત જરૂરી છે. જો સંસ્થા સામાજિક હોય તો સામાજિક રીત રિવાજો, પ્રણાલી પ્રથાઓ અને પરંપરાઓનું જ્ઞાન જરૂરી છે. જો સંસ્થા ધાર્મિક હોય તો ધાર્મિક વિધિઓ, સમાચારીઓ તથા ક્રિયાઓનું જ્ઞાન જરૂરી બને છે. જો સંસ્થા ટ્રસ્ટ હોય અને ચેરિટી કમિશ્નરમાં રજિસ્ટર્ડ હોય તો તેને ટ્રસ્ટના બંધારણ ઉપરાંત લાગુ પડતા કાયદા, કાનૂન અને નિયમોનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી છે. સંસ્થાના સફળ વહીવટ માટે ખાસ કરીને એ સંસ્થા જેના સભ્યોની સંખ્યા વધારે હોય ત્યાં પ્રામાણિકતા પછી આ બાબતનું જ્ઞાન ખુબ જ જરૂરી છે, કારણકે આ વ્યવહારિક બાબત છે.


## કન્યાછાત્રાલય માટે ગૃહમાતા જોઈએ છે.

**રહેવા-જમવાની સગવડતા સાથે સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફ્રન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો.**

**પગાર યોગ્યતા મુજબ**

**શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય,**

**C/o. શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ,**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશન કેમ્પસ લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ–૪૦૦ ૦૮૬.**

**ફોન : ૨૫૧૩ ૩૧૭૪**

# બાયઠવાસીઓ તથા બાયઠ ગામની નિયાણી બહેનો જોગ

સહર્ષ જણાવવાનું જે આપણા ગામ બાયઠ મધેના **શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૬૯મી વર્ષગાંઠ** નીમીત્તે ધ્વજા મહોત્સવનું **તા. ૧-૨-૨૦૨૦ થી તા. ૩-૨-૨૦૨૦** (મહાસુદ ૮ થી મહાસુદ ૧૦) સુધી આયોજન કરેલ છે. જેમાં સૌ બાયઠવાસીઓ તથા નિયાણી બહેનોને બાયઠ મુકામે સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતાં અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

## ત્ર્યાન્હિકા મહોત્સવનું કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પ્રથમ દિવસ | મહાસુદ ૮ તા. ૧-૨-૨૦૨૦ને શનિવાર | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા |
| દ્વિતિય દિવસ | મહાસુદ ૯ તા. ૨-૨-૨૦૨૦ને રવિવાર | શ્રી અઢાર અભિષેક |
| ત્રિતિય દિવસ | મહાસુદ ૧૦ તા. ૩-૨-૨૦૨૦ને સોમવાર | શ્રી ધ્વજા આરોહણ (મહોત્સવ) |

## ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવારો

### મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજીની દેરી

**માતુશ્રી બચુબાઈ લાલજી ઉમરશી છેડા સમસ્ત પરિવાર**

### જુના મૂળનાયક શ્રી આદેશ્વર દાદાની દેરી

**માતુશ્રી ખમાવંતી લખમશી નરશી લુઠીયા સમસ્ત પરિવાર તથા**
**માતુશ્રી કાંતાબેન હીરાલાલ લાલજી પોલડીયા સમસ્ત પરિવાર**

### ગુંબજ તથા ચોકીયારા

**માતુશ્રી લક્ષ્મીબેન વેલજી પાશ્વીર ગોસર સમસ્ત પરિવાર હ. યશોમતીબેન**

તા. ૨-૨-૨૦૨૦ ના થનાર અઢાર અભિષેક માટે રૂા. ૭૫૧/- નો નક્કી કરવામાં આવેલ છે. વહેલો તે પહેલોના ધોરણે નામ લખાવવાનું ચાલુ છે. ઇચ્છુક ભાગ્યશાળીઓએ પોતાના પરિવારના નામ નીચે જણાવેલ સંર્પકોવાળા પાસે લખાવવા નમ્ર વિનંતી.

તા. ૦૧-૨-૨૦૨૦ થી તા. ૦૩-૨-૨૦૨૦ સુધી ત્ર્યાન્હિકા મહોત્સવ પ્રસંગે આવનાર દરેક ભાવિકોની રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તો સૌ બાયઠવાસી ક.દ.ઓ. તથા ક.વી.ઓ. પરિવારો તથા બન્ને સમાજની નિયાણી બહેનોના પરિવારો સહકુટુંબ પધારશોજી.

**ધ્વજા મહોત્સવે પધારનારના નામો નીચે આપેલ સંપર્ક નંબર ઉપર જાણ કરવા વિનંતિ**

શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા - 9930008389
શ્રી જગદીશ ડુંગરશી દંડ - 9820775677
શ્રી રાજેન્દ્ર વેલજી પોલડીયા - 9422775062
શ્રી નીલેશ મેઘજી પોલડીયા - 9925853680
શ્રી જીતેન્દ્ર ટોકરશી છેડા - 9321353419
બાયઠ ઓફીસ - 02834-271447

**લિ. શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**બાયઠ ક.દ.ઓ જૈન મહાજન ટ્રસ્ટના માનદમંત્રીઓના જય જિનેન્દ્ર**

## ટ્રસ્ટી એ જ્ઞાતિના વિશ્વાસ અને સમાજસેવાનો આધારસ્તંભ છે.

ઘણી વખત આપણા દ્દષ્ટિકોણનો લીધે જ્ઞાન અને દીર્ઘદ્દષ્ટિની ઓછપ વર્તાય છે. આમ છતા પણ આપણે એમ માનીએ છીએ કે આપણે સાચા રસ્તા ઉપર છીએ. આવો આપણે એવું જ્ઞાન મેળવીએ જે મૌન છે. છતા આપણને ઉંડાણપૂર્વકની વિસ્તૃત સમજણ આપે.

તાજેતરમાં બનેલી કેટલીક ઘટનાઓથી બેંકોના વ્યવહારો વિશે ખૂબજ શંકાસ્પદ વાતાવરણ સર્જાયું છે, કારણ કે બેંકો બંધ થઇ જાય છે. બેંકો ધીરેલા નાણા પાછા લઇ નથી શકતી અને તેની સામે લીધેલી થાપણો જે ફક્ત આંશિક રીતે જ પરત આપી શકે છે. આ બધુ સંચાલક મંડળની અનૈતિકતા અને લાગવગશાહીના કારણે આપેલા ધીરાણને આભારી છે.

ટ્રસ્ટ અને ટ્રસ્ટી બન્ને સમાનાર્થી શબ્દો છે. વિશ્વાસુ વ્યક્તિને ટ્રસ્ટી બનાવવામાં આવે છે. ખૂબજ સરળ લાગતી આ બાબતમાં ઘણી બધી આંટીઘુંટીઓ છે. આજે જોવા જઇએ તો ટ્રસ્ટી ટ્રસ્ટની થાપણોનો સમાજ કે વ્યક્તિ સમૂહ વતી વહીવટી હક્ક ધરાવે છે. તે પોતે માલિક નથી. ટ્રસ્ટી એ ટ્રસ્ટની મિલકતો, થાપણો કે જેના માલિક અન્ય લોકો છે, તેનું ધ્યાન રાખી તેમના પર મુકાયેલા વિશ્વાસનો ખ્યાલ રાખી વહીવટ કરવો જોઇએ. ટ્રસ્ટ વતી કરવામાં આવતા કાર્યો સમાજના વિશ્વાસુ સેવક તરીકે કરવા જોઇએ. સમાજની થાપણો સાચવવી જોઇએ, મિલકતોનો યોગ્ય રીતે વહીવટ કરવો જોઇએ.

૧. મહાજનશ્રી અને ચૂંટણી સમિતિએ ફોર્મ સ્વીકારતા પહેલા ફોર્મની ઉપરથી ચકાસણી કરવી જોઈએ અને આવી નગણ્ય અને અજાણતાં થતી ભૂલોને સુધારી શકાય. આ સામાન્ય રીતે સ્વીકૃત પ્રક્રિયા છે.

૨. સ્પેલિંગમાં ભૂલો કે ટાઇપોગ્રાફી ભૂલ એ ઉમેદવારી પત્રકને નકારવા માટેનો આધાર હોવો જોઈએ નહીં.

જો આપણે આપણા થનગનતા અને જ્ઞાતિસેવા માટે ઉત્સુક જ્ઞાતિજનોને યોગ્ય તક નહીં આપીશું અને આવા જડ નિયમોને વળગી રહેશું તો આપણે તેમને જ્ઞાતિથી દૂર કરવામાં મોટો ભાગ ભજવીશું. જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે સૌ કોઈની સક્રિય ભાગીદારી અપેક્ષિત છે.

આ હેતુસર જ મેં ચૂંટણી સમિતિને વિનંતી કરી હતી કે નિષ્પક્ષ અને યોગ્ય ચૂંટણી માટે તમામ ઉમેદવારોને તેમના ચૂંટણી ફોર્મ સુધારવાની મંજૂરી આપવી જોઈએ. આપણા આવા ઘણા સભ્યોના ઉમેદવારી પત્રક આવી નાની તકનીકી સમસ્યાઓના કારણે નામંજૂર કરવામાં આવેલ છે.

જ્ઞાતિ સભ્યોના ઉમેદવારી પત્રકને નકારવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ચૂંટણી સમિતિના સભ્યોની મુનસફી પર હતી અને નહીં કે આપણા જ્ઞાતિના બંધારણના આધારે, જે જ્ઞાતિના તમામ સભ્યોને જ્ઞાતિના કલ્યાણ માટે ઉચિત તક આપે છે.

મારી જાણકારી મુજબ ચૂંટણી સમિતિએ અંતિમ સૂચિ પ્રકાશિત માટે ૩ દિવસ વધારે લીધા અને સ્વીકૃત સૂચિમાંથી ઉમેદવારી પાછા ખેંચવા માટેના સમય મર્યાદામાં વધારો કર્યો છે. જો કે, કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં નિષ્પક્ષ ચૂંટણી માટે સમાવેશ કરવા માટે ઇચ્છુક કે.ડી.ઓ. જ્ઞાતિના સભ્યોને તેમના અરજી ફોર્મમાં સુધારણા કરવાની મંજૂરી આપવા માટે કોઈ પ્રયત્નો કરવામાં નથી આવ્યા જે અતિ દુ:ખદાયક છે.

જ્ઞાતિજનોની જાણકારી માટે જણાવું છું કે આપણા દેશના ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા (ઇસીઆઈ) દ્વારા લેવામાં આવતી ચૂંટણીઓમાં અરજી પાછી ખેંચવાની નિયત તારીખ ક્યારેય લંબાતી નથી પરંતુ ચૂંટણી સમિતિ રજૂઆત કરતા પહેલા દરેક ઉમેદવારના અરજી ફોર્મની યોગ્ય સમીક્ષા કરે છે જેથી ફોર્મના અસ્વીકારની ટકાવારી ઓછી થાય.

શું મુંબઇની કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની હાલની

।।શ્રી અનંતનાથાય નમઃ।।

# શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર

દ્વારા આયોજિત



# દાંડિયારાસની રમઝટ



શ્રી કચ્છી દશા ઓશવાલ જી. વી. સી. જૈન સંઘ દ્વારા **તા. ૧૧-૦૧-૨૦૨૦ ને શનિવાર**ના શુભ દિને **દાંડિયારાસ** સહિત વિવિધ પરંપરાગત તથા નવી સ્ટાઈલના ગરબા રમતનું આયોજન કરેલ છે. સાથે **વિવિધ હરિફાઈ** તથા **આનંદ મેળા**નું આયોજન કરેલ છે. તેમાં રસભર વાનગીઓના સ્ટોલ રાખેલ છે. **આપણા સંઘના સર્વે ભાઈઓ તથા બહેનો અને ખાસ કરીને આપણા સંઘની નિયાણી બહેનોને સહપરિવાર સહિત સ્નેહભર્યું આમંત્રણ છે.** સર્વેને સમયસર પધારવા વિનંતી.

**સ્થળ: શ્રી રાષ્ટ્રીયશાળા સ્કુલ પટાંગણ,** ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭.
**સમય :** સાંજે ૫.૦૦ થી ૧૦.૦૦ ક.

- શ્રી જી.વી.સી. જૈન સંઘના સર્વે મેમ્બરોને વિનંતી છે કે આપ આપના ઘરની નિયાણી બહેનોના નામ અને નંબર વહેલી તકે નીચે આપેલા નંબર પર સંપર્ક કરી આપી દેશો તો અમે વહેલી તકે નિયાણી બહેનોને સંપર્ક કરી શકીએ. સંપર્ક : લીના લોડાયા - ૯૭૬૯૪ ૧૧૦૧૦, કલ્પનાબેન મૈશેરી - ૯૭૭૩૨ ૦૦૪૮૬ તથા ઉપાસના દંડ - ૯૮૧૯૯૯૪૦૧૫
- સ્ટોલ માટે રૂા. ૨,૦૦૦/- ડીપોઝીટ રાખવામાં આવેલ છે. જેમાં સ્ટોલનો ખર્ચ રૂા. ૫૦૦/- રાખવામાં આવેલ છે. રૂા. ૧૫૦૦/- રીફંડેબલ રહેશે. સ્ટોલ બુકીંગ માટે સંપર્ક : શોભાબેન લોડાયા - ૯૩૨૨૦ ૮૮૨૩૯ તથા કવિતા મોતા - ૯૩૨૩૪ ૦૯૭૬૩. **ખાસ નોંધ :** સ્ટોલ માટે જૈન વાનગી તથા સમગ્ર કે.ડી.ઓ મુંબઈવાસીઓ રાખી શકશે. બેસ્ટ સ્ટોલ ડેકોરેશન, બેસ્ટ ફુડ (હોમ મેડ ફુડ)ના ઈનામો આપવામાં આવશે.
- જે લોકોને હરિફાઈમાં ભાગ લેવું હોય તેઓને સાંજે ૫.૦૦ વાગે સુધી આવવાનું રહેશે. તાંબડી રમત માટે ભાગ લેનારને પોતાની તાંબડી લાવવાની રહેશે.
- ગરબા તથા દાંડિયારાસસની રમઝટ વય મુજબ વિવિધ ઈનામોની વણઝાર રહેશે. **બેસ્ટ ગ્રુપ વીથ ડ્રેસીંગના ઈનામ આપવામાં આવશે. (એક ગ્રુપમાં ઓછામાં ઓછા ૧૦ સ્પધર્ક હોવા જરૂરી છે).** તો આપ સૌ પારંપરીક વેશભુષામાં તૈયાર થઈને જરૂરથી પધારશો.

**દાંડીયારાસ કમીટી : શ્રી જયેન્દ્રભાઈ ભેદા (કન્વીનર)**

| | | | |
|---|---|---|---|
| અમી નાગડા | હિરેન મોમાયા | માનસી શાહ | રાજશ્રી દંડ |
| ભાવિની ધરમશી | હીતેન લોડાયા | નેહા છેડા | સેજલ નાગડા |
| ચીરાગ નાગડા | કલ્પના મૈશેરી | પ્રિતી જૈન | શોભા લોડાયા |
| દેવાંગ ધરમશી | કવીતા મોતા | પ્રિતી ખોના | સોનમ મોતા |
| હેમા નાગડા | લીના લોડાયા | રૂપા શાહ | ઉપાસના દંડ |

લી. **શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન વતી**
**પ્રમુખશ્રી : સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA-9820167767

ચૂંટણી સમિતિ યોગ્ય રીતે કાર્ય કરી રહી છે?

ચૂંટણી સમિતિએ વાજબી રીતે આગામી ચૂંટણી માટે વધુ જ્ઞાતિના સભ્યોને લાવવા અને કનેક્ટ કરવા માટે તમામ શક્ય પ્રયત્નો કરવા જોઈએ એવી આપણા સૌની અપેક્ષા હોવી જોઈએ. અહીં એવું લાગે છે કે જ્ઞાતિના સભ્યોની જ્ઞાતિ પ્રત્યેની લાગણી સમજવાના કોઈ પ્રયત્નો કરવામાં નથી આવી રહયા.

હું જ્ઞાતિજનોને સહૃદય વિનંતી કરૂં છુ કે તેઓ આ બાબતમાં પોતાના અભિપ્રાયો લખીને મોકલાવે જેથી આગામી ચૂંટણી પ્રક્રિયાઓ માટે આપણે મુંબઇ મહાજનશ્રીને યોગ્ય સુધારિત યંત્રણા માટે સૂચન કરી શકીએ અને જ્ઞાતિના ઉત્થાનમાં ભાગ ભજવી શકીએ.

**– અમર ભરત શાહ (ખોના)**, abshah80gmail.com

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ – ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૨૮–૧૨–૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/– ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૨૮–૧૨–૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૯–૧૨–૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/– ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

With Best Compliments from

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

# પધારો... પધારો... પધારો... પધારો... પધારો...

રળીયામણી ઘડી ફરી પછી આવી ગઇ. હજી... હજી... હમણાં તો **શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયના નવ ભગવાન** તથા **ગૌતમ સ્વામી અને મહાકાલી માતાજી**ની રંગે ચંગે પ્રતિષ્ઠા, અતિ ઉત્સાહ અને ઉમળકાભેર ઉજવી અને પાછો ધન્યવંતી ધજા લહેરાવવાનો સમય આવી પહોંચ્યો.

કોઇપણ દેરાસર - જિનાલય કે ધ્યાનાલય જ્યાં આપણા તિર્થંકર ભગવાનની પાવન પ્રતિષ્ઠા થયેલ હોય અને જ્યાં રોજબરોજ ભક્તિભાવપૂર્વક પૂજાતાં હોય એવા ભગવાનની ધજા ફક્ત માણવામાં પણ અનન્ય લાભ મળતો હોય છે, તો એ ઘડી આવી ગઇ.

**તા. ૧૧-૧-૨૦૨૦ પોષ વદી ૨ ને શનિવાર અઢાર અભિષેકનો શુભદિવસ**

**તા. ૧૨-૧-૨૦૨૦ પોષ વદી ૩ ને રવિવાર ધન્યવંતી ધજાનો શુભદિવસ**

આપ, આપનો કે આપના કુટુંબજનો કે સ્નેહીજનોનો જન્મદિવસ કે વાર્ષિક લગ્નતિથિ કે અન્ય પ્રસંગ કેવા ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક ઉજવો છો ? તો શા માટે આપણા ભગવાનને આપણે ભૂલી જઇએ ?

**આવો પધારો એજ ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયની ૧લી ધજા રંગે ચંગે ઉજવીએ.....**

## અઢાર અભિષેક

તા. ૧૧-૧-૨૦૨૦ પોષ વદી ૨ ને શનિવાર બપોરના, નવ ભગવાન તેમજ શ્રી ગૌતમ સ્વામી અને મહાકાલી માતાજીના અઢાર અભિષેક કરાવવામાં આવશે. વહેલો તે પહેલો ધોરણે નકરો નોંધાવી પૂરેપૂરા અઢાર અભિષેકનો લાભ દાતાશ્રી લઇ શકશે. સંગીતમય વાજિંત્ર અને લય સાથે અઢાર અભિષેકની ધન્યવંતી ૧લી ધ્વજાની (૩) ચડાવાથી બોલી બોલાશે, સાથે સાથે આરતી, મંગલદીવો, શાંતિકળશ, સૂર્યદર્શન અને ચંદ્રદર્શનની પણ બોલી બોલાશે અને ભાગ્યશાળી પરિવારને તેનો લાભ આપવામાં આવશે.

## ધન્યવંતી ૧લી ધજા



તા. ૧૨-૧-૨૦૨૦ પોષ વદી ૩ ને રવિવાર ધન્યવંતી ૧લી ધજા (૩) સંગીતના સથવારે વાજતે ગાજતે, ઝૂમતે-લહેરાતે સંપૂર્ણ વિધિ-વિધાન સાથે.

ભાગ્યશાળી પરિવારને સંપૂર્ણ લાભ આપવામાં આવશે.

**વહેલો તે પહેલો ધોરણે સંપૂર્ણ કાર્યક્રમના ૨ દિવસના નીચેપ્રમાણે દાતા આવકાર્ય**

| | |
|---|---|
| **તા. ૧૧-૧-૨૦૨૦ શનિવાર** | **નવકારશી - બપોરનું જમણ - તથા સાંજના ચૌવિહાર** |
| **તા. ૧૨-૧-૨૦૨૦ રવિવાર** | **નવકારશી - બપોરનું જમણ** |

**સંપર્ક**

પારસભાઇ – 98210 50362 તિલેશભાઇ – 98203 29441 રાજીવભાઇ – 98200 43521

ANANT AROGYA NIDHI

લિ. **અનંત આરોગ્ય નિધી – દેવલાલી** સંચાલિત

**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનેટોરીયમ**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સાંયરા

તા. ૧૦-૧૧-૨૦૧૯ના ભલારા દાદાની ધ્વજા પ્રસંગે માતુશ્રી લીલાવંતી રાયચંદ લોડાયા હીગોળીવાળા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ હતું. તા. ૧૦-૧૧-૨૦૧૯ના માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં તબલચી શભુંલાલ રાજગોર, શ્રી રતીલાલભાઇ ધ્રોળ રમઝટ બજાવેલ.

તા. ૧૧-૧૧-૨૦૧૯ના શ્રી ભદ્રેશભાઇ મુલજી પટેલની દોહિત્રીના જન્મ પ્રસંગ નિમિત્તે સ્વામી વાત્સલ્ય જમણ થયેલ.

તા. ૧૨-૧૧-૨૦૧૯ના સાંયરા ગામે લોડાયા માતાજીના સચ્ચાઇ માતાજીના ભાવિકો તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. પૂનમના ભાવિકો સારી સંખ્યામાં આવેલ.

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

પાર્શ્વનાથ દાદાની પોષ દસમીની અઠ્ઠમતપની વડાલા નગરે સંભવનાથ દાદાની છત્ર છાયામાં સૂરિશ્વરોની આજ્ઞા આશીષે દિવ્ય-ભવ્ય-યાદગારે ભક્તિ સભર અઠ્ઠમતપ. સુંદર રહેવાની સગવડ સાથે અને જે તપસ્વીને રાત્રે ઘરે જઇ સવારના આવી શકતા હોય એમને ઘરે જવાની છુટ. તા. ૧૯-૧૨-૨૦૧૯ના સાંજે આગમન, અત્તર પારણા તા. ૨૦-૨૧-૨૨ અઠ્ઠમતપ અને તા. ૨૩-૧૨-૨૦૧૯ના પારણા પછી વિદાય સંમારભ. ખાસ નોંધ : પાર્શ્વનાથ દાદાના જીવન ચરીત્રના રહસ્યો માટે જેમને પણ વ્યાખ્યાનમાં જોડાવું હોય તેમણે અગાઉથી નામ લખાવીને પાસ મેળવવા માટે સંપર્ક - ૯૦૨૯૨૭૩૯૭૦ જરૂરી છે.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

તા. ૨૫-૧૦-૨૦૧૯ કિર્તીબેન શાહ તરફથી ગેમ્સ રમાડવામાં આવેલ. ગેમ્સ ૧) દીના દેઢીયા, ૨) નયના બુરીયા. ૨જી ગેમ્સમાં ૧) મીના શાહ, ૨) દીના દેઢીયાએ પ્રાઇઝ મળેલ.

તા. ૩-૧૧-૨૦૧૯ના સંઘ તરફથી સ્નેહમિલન રાખવામાં આવેલ. પાસ થયેલા બધા વિદ્યાર્થીને પ્રાઇઝ આપવામાં આવેલ. યુવા મંડળના વિદ્યાર્થીઓએ સરસ નાટક ભજવેલ. ત્યારબાદ વિમાની પૉલીસી વિશે બધાને સમજણ આપેલ.

તા. ૧૪-૧૧-૨૦૧૯ના મહિલા મંડળ તરફથી સ્નેહમિલન રાખવામાં આવેલ. બધાને દિવાળી તંબોલા ગેમ્સ તથા બીજા બે ગેમ્સ પૂજા નિખીલ લાલકાએ રમોડલ. પ્રાઇઝ ભારતીબેન લાલકા તરફથી આપવામાં આવેલ. ૧) કેતના શાહ, ઉષા શાહ, જસ્મીન સાવલા, ૨) મીતાબેન મોતા, કેતના શાહને પ્રાઇઝ મળેલ.

તા. ૨૩-૧૧-૨૦૧૯ના રોજ દીનાબેન ઘરે બે ગેમ્સ રમાડી. હાઉઝી રમ્યા.

તા. ૨૫-૧૧-૨૦૧૯ના રોજ ભારતીબેન લાલકાના ઘરે જાપ રાખવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, બેંગલોર

તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ નૂતન વર્ષનું સ્વાગત અનુપમ રીતે કરવામાં આવ્યું હતું. નવકાર મંત્રના સ્મરણ બાદ પ્રમુખ સતીશભાઇ દેવજી શાહ સ્વાગત કર્યું હતું અને


Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976



પધારો ૭૨ જિનાલયે, કરવા દર્શન;
પધારો 'સ્વાદ'માં ચાખવાં અવનવા વ્યંજન.
● સ્વાદિષ્ટ દક્ષિણ ભારતીય વાનગીઓ
● ઉત્તર ભારતીય ચાટ ● અવનવા સેન્ડવિચ
● ટેસ્ટ સભર પીઝા ● હેવમોરની રસમાધુરી આઇસ્ક્રીમ
અને છાસ-લસ્સીને ઠંડાપીણા તો ખરા જ...
● સમય : સાંજના ૫.૩૦થી રાત્રીના ૧૦.૦૦ સુધી
પાર્સલ સર્વિસની સુવિધા છે. મુસાફરી માટે ઓર્ડર લઈએ છીએ.
સ્વાદ ફાસ્ટ ફૂડ સેન્ટર
૭૨ જિનાલય પાસે, ગુણપુરી ગેટની સામે, ભુજ-માંડવી રોડ.
સંપર્ક નંબર : ૯૭૨૬૭૭૬૬૨૭ / ૯૮૨૫૮૨૫૪૫૧

નૂતન વર્ષની શુભેચ્છા આપી હતી. મહિલા મંચે આ પ્રસંગે વિવિધ વય જૂથ માટે કેડીઓ માસ્ટર શેફ પ્રતિયોગીતાનું આયોજન કર્યું હતું. પુરૂષો સહિતના વિવિધ વયજૂથના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને સ્વાદિષ્ટ વ્યંજનો રજુ કર્યા હતા.

નિર્ણાયક તરીકે શ્રીમતી નીશાબેન જીવાણીએ સેવા આપી હતી. શ્રીમતી અમીષા મનવર અને આયુષ મૈશેરીના નેતૃત્વમાં તેમની ટીમ પ્રથમ વિજેતા અને શ્રીમતી માસુમી છેડા અને શ્રીમતી બીના લોડાયાની ટીમ દ્વિતીય વિજેતા ઘોષિત થયા હતા. દર્શકો માટે કુકીંક સંબંધી ક્વિઝ-પઝલનું આયોજન કરવામાં આવ્યુ હતું. ધોરણ ૧ થી ૧૦ વિદ્યાર્થીઓમાં ૮૦ ટકાથી વધુ ગુણાંક મેળવનારા વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## શ્રી કચ્છ સાંધાણ તીર્થે પંચાન્હિકા મહોત્સવ

સાંધાણ તીર્થે તિલકટુંક પરિસરે નવટુંક મધ્યે તીરથાધિપતિ શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૬મી ધ્વજારોહણ વિધિ અવસરે તથા જિર્ણોદ્ધાર સહ નૂતન ટુંક નિર્માણ એવં પુનઃ પ્રતિષ્ઠાના પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો. તા. ૨૩-૧૧-૨૦૧૯ ના રોજ શ્રીમતી તરલા મણિકાંત હીરજી ધુલ્લા પ્રવેશદ્વાર તેમજ લક્ષ્મી વેલ નૂતન અતિથીગૃહના ઉદ્‌ઘાટન સાથે રાત્રિના મહાકાળી માતાજીની ભાવનાનું આયોજન કરવામાં આવેલ.

પ્રથમ દિવસ : કુંભ સ્થાપના, અખંડ દિપક સ્થાપના સાથે જવારા રોપણ, શાંતિનાથદાદાનું પૂજન તથા સંગીતમય ધાર્મિક મ્યુઝિકલ હાઉસી યોજાયેલ.

દ્વિતીય દિવસ : પૂ. આચાર્ય શ્રી ગુણોદય-સાગરસૂરીશ્વરજી મ.સા. ના નગરપ્રવેશમાં મહિલાઓએ બેડા તેમજ સુંદર મજાની ગહુલી રચાવેલ, સાથે માંગલિક પ્રવચનનો લાભ શ્રી સંઘે લીધેલ. મધ્યાહને પૂજય મ.સા. નું પ્રવચન તેમજ સંધ્યાકાળે શ્રી સંઘના સભ્યો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પોતાની પ્રતિભાનો પરિચય કરાવેલ.

તૃતિય દિવસ : સવારના ભકતામર મહા પૂજન સાથે સાંજે કુમારપાળ મહારાજાની મહા આરતી.

ચતુર્થ દિવસ : પ્રભુજીની ભવ્યાતિભવ્ય જલધારા સહ શોભાયાત્રા સાથે મુમુક્ષુ (સાંધાણની દોહિત્રી) ચિ. મોનિકા મહેન્દ્ર લોડાયાના વર્ષીદાનના વરઘોડાનું આયોજન શ્રી સંઘ દ્વારા, નવટુંક જિનાલયોમાં અઢાર અભિષેક તથા પ્રભુ ભક્તિ સભર ભાવના સાથે બહુમાન સમારંભનું આયોજન કરવામાં આવેલ.

પંચમ દિવસ : પ્રભુજીને પોંખ્યા બાદ પુનઃ પ્રતિષ્ઠા, ધ્વજદંડ પ્રતિષ્ઠા તથા ધ્વજારોહણ સાથે સતરભેદી પૂજાનું આયોજન, લઘુશાંતિ સ્નાત્ર પૂજન ભણાવવામાં આવેલ.

ષષ્ઠમ દિવસ : દ્વારદ્‌ઘાટન સાથે મહોત્સવની પૂર્ણાહુતિ સફળતાપૂર્વક કરવામાં આવેલ.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.**

સોમવાર બંધ


## શ્રી લાલા ચંદ્ર પ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા

તા. ૨૪-૧૧-૨૦૧૯ના બપોરના શ્રી લાલા ચંદ્ર પ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. શ્રી તેજપાલ લખમશી ધરમશી મુલુંડના પ્રમુખપદ હેઠળ નીચે મુજબનાં ટ્રસ્ટીઓની વરણી કરવામાં આવી હતી.

શ્રી તેજપાલ લખમશી ધરમશી, પ્રમુખ, શ્રી રાજેશ મુલજીભાઈ મૈશેરી, શ્રી નવીન લક્ષ્મીચંદ લોડાયા, શ્રી ઝવેર મુલજી લાલકા, શ્રી પ્રવીણ ભવાનજી મૈશેરી, શ્રી ભરત નારણજી મૈશેરી, ઍડ. હેતલ લહેરચંદ મૈશેરી, અ.સૌ. ચાંદની પરેશ લાલકા, શ્રી જયેશ ગોવિંદજી દંડ.

## મિઠાઈની રેસિપીને કૉપી રાઈટ

ડૉ. વિરલ દેવેન્દ્ર માણેકજી લોડાયા અને એમની સંશોધક ટીમને વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફૂડ અને ન્યુટ્રિશન વિભાગની સંશોધક ટીમે ૧૪ મિઠાઈની ફ્રી રેસિપીને કોપી રાઈટ આપી માન્યતા આપી છે જેમાં ૫૦% ખાંડના પ્રમાણ ઘટાડો કરી એની જગ્યાએ એફ ઓસેસનો ઉપયોગ કરી જેથી મિઠાઈમાં કેલેરીનું પ્રમાણ લગભગ ઝીરો થઈ જાય છે.

## હાર્દિક અભિનંદન



પ્રાફેસર ડૉ. મહિમા મોહિત દંડ, હુબલી તેરાને IACDE એ અખિલ ભારતીય સ્તરે યોજેલ "Can Living by Gandhi's Principles help us solve world problems today" નિબંધ સ્પર્ધામાં રૂા. ૨૫૦૦૦/- નું બીજું ઈનામ મળ્યું હતું.

**ભુલ સુધાર :** પ્રકાશ સમીક્ષાના અંક ૮માં પાના નં.૧૭ ઉપર ટ્રસ્ટીઓની સંખ્યા ‘‘૧૧’’ વાંચવી.

## સુથરી સડક મરામત, મહાજનનો સહયોગ

આપણા ઘૃતકલ્લોલ પારસ ધામ સુથરીના ગામ તળમાંથી પસાર થતી નદીમાં ભારે વરસાદના કારણે પૂર આવ્યું હતું પરિણામે ગામમાં પાણી ભરાઇ જવાની સાથે ગામમાં પહોંચવાની સડકનું ભારે ધોવાણ થઇ ગયું હતું. સરકાર, જીલ્લા પંચાયત દ્વારા આ અંગે કાંઇ પણ કામગીરી હાથ ન ધરાતા, ગામવાસીઓને પડતી હાલાકી દૂર કરવાના ઉદ્દેશથી આપણા સુથરી મહાજન, સ્થાનીય ગ્રામ પંચાયત, ટ્રસ્ટી શ્રી કીર્તિભાઇ લોડાયા, ગુણવંતભાઇ શાહ, જિજ્ઞેશભાઇ છેડાની પહેલથી દાતાઓના સહયોગ અને ગ્રામવાસીઓના શ્રમદાનના સહયોગથી સડકને આવાગમન માટે યોગ્ય બનાવી દેવાઇ છે.

## રણદશરથિયું

રણદશરથિયું રણની રેતીના રંગનું પક્ષી છે જે ખાસ કચ્છના રણ પ્રદેશમાં પોતાની નવી પેઢી ઉછેરે છે. ઘણી વખત કુદરતે બક્ષેલી કેમાફલેગના કારણે આ પંખીડાં પગ પાસે પણ દેખાતા નથી. લગભગ ૨૫ સેન્ટીમીટરના કદના પક્ષી મોટે ભાગે નિશાચર હોય છે અને ઘાસની ઓથે માળા બાંધે છે. કીટ પતંગા, નાના જીવડાં એનું ભોજન. બન્ની વિસ્તાર વિવિધ પ્રકારના ઘાસનું સંગ્રહાલય જ જોઇ લો. ઘણા વરસોથી લુપ્ત મનાતી ઘાસની લગભગ ૩૬ જેટલી પ્રજાતીઓ આ વખતના સારા વરસાદના કારણે જોવા મળી છે જેમાં એક મહત્વની પ્રજાતી 'લાણા' ઘાસની પણ જોવા મળી છે.

## પર્યટન માટે કચ્છની વિકાસ કૂચ

રણોત્સવના આયોજન અને પ્રચારના પગલે કચ્છ હવે મહત્વનું પર્યટન કેન્દ્ર બની રહ્યું છે. સરકારે કચ્છના પ્રવાસ - પર્યટનના વિકાસને વેગ આપવા પ્રારંભિક તબક્કે લખપત, ધોળાવીરાને ટૂરીસ્ટ સર્કિટ તરીકે વિકસાવવાનું આયોજન હાથ ધર્યું છે. હાલ તુરંત પાંચ પર્યટન કેન્દ્રના વિકાસ માટે વિવિધ પગલાં લેવાઇ રહ્યા છે. આથી હૉટેલ, રેસ્ટોરાં, ટ્રાન્સપોર્ટ વગેરેની અનેક તકો ઉભરશે. લખપત અને ધોળાવીરામાં પ્રવાસન માહિતી કેન્દ્ર બનાવવામાં આવશે. હાલમાં, પ્રાથમિક તબક્કો, લખપતનો કિલો, ધોળાવીરા, માતાનો મઢ, અંજારની જેસલ-તોરલ સમાધી, ધીણોધર-થાન જાગીરના વિકાસ કામો માટે રૂા. ૨૬ કરોડના ખર્ચ જોગવાઇ કરાઇ છે. આમાં ગ્રામ હાટ, ટ્રેડ સ્ટ્રીટનો પણ સમાવેશ કરાશે.

અત્રે જાણવું રસપ્રદ થઇ રહેશે કે ધોળાવીરા - ખડીર નજીક લગભગ પાંચ કિ.મી.ના અંતરે ભારતના ગણ્યા ગાંઠ્યા વૃક્ષ ફોસિલ, અને ડિનોસોર ફોસિલ પાર્ક છે. એમાં કરોડો વર્ષ જૂના વૃક્ષોના અશ્મીભૂત (પત્થર) થઇ ગયેલા વૃક્ષો, ડીનોસોરના ફોસિલ્સ, સચવાયેલા છે. ઘડુલી દેશલપુર નજીક પ્રાચીન અવશેષોનું શોધકામ ચાલુ છે. કચ્છમાં અગાઉ સંખ્યાબંધ સમુદ્રી જીવ સૃષ્ટિના ફોસિલ્સ મળી આવ્યા છે. અમુક સ્થળે જીરાફ જેવા આફ્રિકાના પ્રાણીઓના જીવાશ્મ પણ મળ્યા છે. સાંધવ (અબડાસા) નજીક સવા લાખ વર્ષથી વધુ જૂના આદિ માનવના અવશેષ મળી આવ્યા છે. આમ પૂરાતત્વમાં રસ ધરાવતા અને કચ્છના અભ્યાસમાં, માદરે વતન વિશે વધુ જાણવા ઇચ્છતા લોકો માટે પુરાતાત્વિક કચ્છ એક વધુ આકર્ષણ બની રહેશે.

## કંડલા એરપોર્ટ

કંડલા એરપોર્ટ ખાતે નવા ટર્મિનલનું નિર્માણ હાથ ધરાશે. કંડલા ખાતે જૂનું ટર્મિનલ સન ૧૯૫૦માં બાંધવામાં આવ્યું હતું. આ નવું ટર્મિનલ વર્ષ ૨૦૨૦ના મધ્ય સુધી તૈયાર થઇ જશે. આથી વાયુસેવામાં સુધાર થશે.

## જામનગરના જિનાલયમાં હસ્તક્ષેપ

ચારસો વરસ જૂના જામનગરના ૫૨ જિનાલયની તત્કાલીન અચલગચ્છના યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી કચ્છના અચલગચ્છીય શ્રાવક શેઠશ્રી રાજશી નાગડાએ સ્થાપના-નિર્માણ કરાવ્યું હતું. એમાં હાલમાં અન્ય ગચ્છના આચાર્ય ભગવંતોએ નવી પ્રતિષ્ઠા દ્વારા આ પુરાતન જાગૃત તીર્થના ભવ્ય ઇતિહાસમાં હસ્તક્ષેપ કરવાની પ્રવૃત્તિ હાથ ધરી હતી.

આ અનધિકૃત હસ્તક્ષેપ નિવારવા માટે મુલુંડ મધ્યે એક મહાસભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં શ્રી ચેતનભાઇ દેઢીયા (ગઢસીસા-મુલુંડ)ની આગેવાનીમાં પ્રયાસ હાથ ધરાતાં હાલ પુરતી આ પ્રવૃત્તિ મોકૂફ રાખવામાં આવી છે.

## ગામડાના રોગીઓ માટે ટેલીકોન્ફરેન્સથી ઇલાજ

વતનના અંતરીયાળ ગામડાઓના હૃદય રોગ જેવી ગંભીર બીમારીઓના તાત્કાલિક ઇલાજ માટે વીડિયો કોન્ફરેન્સિંગ મારફત દેશના નિષ્ણાત તબીબોનો સહયોગ લેવાની વ્યવસ્થા ડિસ્ટ્રિક્ટ મીનરલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે. આ માટેનો ખર્ચ ખનિજ ઉત્ખનનમાંથી મળતી રૉયલ્ટીમાંથી મળશે.

## મિંદિયાવળની ખેતી

કચ્છની નાની બન્ની તરીકે ઓળખાતા વિસ્તારમાં હાલ મિંદિયાવળની ખેતીનું ચલણ વધ્યું છે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે મિંદિયાવળના છોડ ત્રણ વર્ષ સુધી ઉપજ આપે છે. મુખત્વે પેટના રોગોમાં વપરાતી આ ઔષધીય વનસ્પતિનો પાક દર ત્રણ મહીને લણી શકાય.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી નવલબેન ઉત્તમચંદ દંડ**<br>(PS 4652) ગામ - લાલા | ''માતૃ આશિષ'', બી-૫૩, દેવ હેરીટેજ બંગલો,<br>રીલાયંસ પેટ્રોલ પંપ પાસે, પિજ ચોકડી, નડીયાદ - ૩૮૭ ૦૦૧.<br>મો. : 076007 68090 |
| **હરેશ શામજી દેવજી લોડાયા**<br>(PS 5027) ગામ - તેરા | પહેલે માળે, ૧૦૧, સુદામા ટાવર, દત્ત મંદિર પાસે, પાથર્લી રોડ,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 099042 23471 |
| **શ્રીમતી નવલબેન ચંદુલાલ વોરા**<br>(PS 628) ગામ - રંગપુર | એ-૭૦૩, ચંદક સ્ટેલા, ઉદ્યોગ નગર, એસ. વી. રોડ,<br>ગોરેગામ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૪. મો.: 081088 83749 |
| **કીરીટ પુનશી લખમશી માલદે**<br>(PS 1314) ગામ - દલતુંગી | ૫૭, ઓધવરામ કૃપા, રઘુવંશી નગર, સરોજિની નાયડુ રોડ,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 093238 13446 |
| **રજનીકાંત ઉમરશી ડાયાલાલ ધરમશી**<br>(PS 62) ગામ - રંગપુર | ૧૪, શેરીફ મેન્શન બિલ્ડીંગ, (સરૈયા ટ્રસ્ટ), પહેલે માળે,<br>ગોખલે રોડ (સાઉથ), દાદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૮.<br>મો.: 098212 68699 |
| **શ્રીમતી કુસુમ પ્રદિપ વાલજી દૌલત**<br>(PS 4877) ગામ - સુથરી | ૮, વૃંદાવન એવેન્યુ, પંચવટી સોસાયટી, દૂન સ્કૂની સામે,<br>જયહિંદ ચાર રસ્તા, મણિનગર, અમદાબાદ - ૩૮૦ ૦૦૮.<br>મો. : 099255 61941 |
| **ચેતન મેઘજી પદમશી મોતા**<br>(PS 1938) ગામ - વારાપધર | એ-૧૨૦૨, દેવ દર્શન બિલ્ડીંગ, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: 091679 94548 |
| **કીરીટ ભવાનજી ભીમશી ગોશર**<br>(PS 5490) ગામ - બારોઈ | એ-૫૯, ધનલક્ષ્મી સોસાયટી, રૂશી મંડપની પાછળ,<br>કરેલી બાગ વૉટર ટેંક પાસે, કરેલી બાગ, વડોદરા - ૩૯૦ ૦૧૮.<br>મો. : 094488 64636 |
| **શ્રીમતી**<br>**વિજયાબેન લાલજી ડુંગરશી ગોશર**<br>(PS 1122) ગામ - બાયઠ | એ-૧, ગ્રાઉન્ડ ફ્લોર, બિલ્ડીંગ નં. ૧, મહાજન કો.હા.સો.,<br>રોટરી ક્લબ હોલની સામે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧.<br>મો.: 070455 97365 |
| **અનિલ ચાંપશી ચત્રભોજ મોતા**<br>(PS 736) ગામ - કોઠારા | સી-૪૦૩, સુપાર્શ્વ અર્બના, ઓલ્ડ નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ),<br>મુંબઈ - ૪૦૦ ૦૬૯. મો.: 093200 26314 |
| **ગુલાબચંદ કુંવરજી માલસી લાલકા**<br>(PS 2580) ગામ - બાંઢિયા | ફ્લેટ નં. ૨૦૨, ૨૯ શાશ્વત એપાર્ટમેન્ટ, સૌભાગ્ય નગર, લામ રોડ,<br>નાસિક રોડ - ૪૨૨ ૧૦૧. મો.: 097698 94601 |

## ચક્ષુદાન-ત્વચાદાનનું ઉમદા કાર્ય



સ્વ. શ્રી શૈલેષ આર. લોડાયા, મોટી ખાવડી-ડોંબીવલીના સ્વજનોએ શૈલેશભાઈની ત્વચા અને આંખનું દાન કર્યું. એ બદલ માનવતા ગ્રુપ ડોંબીવલીએ પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.**

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૬-૧૯ | વડાલા | ધીયારા, પંક્તી હાર્દિક વિજય લોડાયા | બાયઠ | પુત્રી |
| ૨૩-૦૯-૧૯ | ડોમ્બીવલી | ખ્યિાંશ, તેજલ ઉદય પુનશી ધરમશી | સાંધાણ | પુત્ર |
| ૦૪-૧૧-૧૯ | થાણે | ખ્યિાંશ, નિધી વિકી ભરત મૈશેરી | લાલા | પુત્ર |
| ૦૮-૧૧-૧૯ | મસૂર | દુર્વિકા, દેવયાની દર્શન નીતિન ધરમશી (ભાટે) | કોઠારા | પુત્રી |
| ૧૨-૧૧-૧૯ | કાંકરોલી | અનંત, એકતા ધર્મેશ માણેકજી ધનજી દંડ | લાલા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૧-૧૯ | બેંગલોર | વિરાજ પરેશ ધનજી ધરમશી | સુથરી | ૨૬ |
| | કોઈમ્બતુર | તનવી સંજય પ્રવિણકાંત મૈશેરી | જખૌ | ૨૪ |
| ૦૧-૧૨-૧૯ | ડોમ્બીવલી | રાજ હીરાચંદ દામજી ધ્રોળ | કોટડી મહાદેવપુરી | ૨૮ |
| | ગોરેગામ | ફોરમ હિતેન ચંદ્રકાંત પોલડીયા | લુણી | ૨૩ |
| ૦૩-૧૨-૧૯ | ડોમ્બીવલી | હર્મેશ પંકજ હિરજી માલદે (ડાઘા) | દલતુંગી | ૨૯ |
| | ડોમ્બીવલી | હેમલ નીતિન પાસુભાઈ લોડાયા | મોટી ખાવડી | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૧-૧૯ | ઈંદોર | શુભમ ભાગચંદ નાગુલાલજી જૈન | દેવાસ | - |
| | ઈંદોર | દિશા જીતેન્દ્ર ગુલાબચંદ ધરમશી | જખૌ | - |
| ૦૧-૧૨-૧૯ | ભાંડુપ | વિનીત નરેશ કેશવજી કુરિયા | બિદડા | ૨૪ |
| | ભાંડુપ | અરજુ દીપ્તન પ્રેમચંદ લોડાયા | મોટી સિંધોડી | ૨૩ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૧-૧૯ | ઈંદોર | આકાશ વિપુલ વીરચંદ દંડ | વરાડીયા | - |
| | અમલનેર | ઉર્મી મિનલ કિશોર ઉમરશી લોડાયા | જખૌ | - |
| ૨૧-૧૧-૧૯ | ડોમ્બીવલી | રાહુલ દિનેશ કેશવજી લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| | ડોમ્બીવલી | એકતા નરેન્દ્ર ચંદુલાલ માલદે | દલતુંગી | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૮-૧૯ | મુલુંડ | વિરલ નવીન નારણજી ધુલ્લા | બાયઠ | ૨૬ |
| | થાણે | નિધિ ધર્મેન્દ્ર દિનેશ સીંગાડિયા | પોરબંદર | ૨૬ |
| ૨૩-૧૧-૧૯ | મુલુંડ | રૂપેશ રાજેશ ચંપકલાલ શાહ | કુમ્ભણ | - |
| | મુલુંડ | યામિની યોગેશ ધનજી ધુલ્લા | કોઠારા | - |

### સગપણ છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧૦-૧૯ | મહેબુબ નગર | સંદીપ જિતેન્દ્ર લક્ષ્મીચંદ મૈશેરી | બાંઢીયા | ૨૨ |
| | હૈદરાબાદ | કૃપાલી લક્ષ્મીચંદ આણંદજી નાગડા | રાપર ગઢવારી | ૨૦ |
| ૨૪-૧૧-૧૯ | ડોમ્બીવલી | સાગર ગુલાબચંદ નારણજી લોડાયા | સાંધવ | ૨૭ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૧૦-૧૯ | ઔરંગાબાદ | રતનબાઈ શરદ તેજપાલ ખીમજી લોડાયા | સાંયરા | ૭૬ |
| ૧૯-૧૧-૧૯ | પૂના | દિનેશ જેઠાભાઈ લોડાયા | જખૌ | ૭૬ |
| ૨૦-૧૧-૧૯ | યુએસએ | રમેશ ધનજી દેવજી શિયાલ | દલતુંગી | ૭૬ |
| ૨૧-૧૧-૧૯ | ડોમ્બીવલી | શૈલેષ રતિલાલ લોડાયા (ભાભાવારા) | મોટી ખાવડી | ૫૩ |
| ૨૨-૧૧-૧૯ | વડાલા | હિરેન મણીલાલ ડુંગરશી દંડ | બાયઠ | ૫૧ |
| ૨૨-૧૧-૧૯ | ભાંડુપ | દમયંતી જેઠાલાલ દંડ | સાંધવ | ૭૮ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૧-૧૯ | યુએસએ | ઉર્મિલા ટોકરશી નાગડા | લાલા | ૬૯ |
| ૨૫-૧૧-૧૯ | સેલમ | મનોજ ચંદ્રકાન્ત મુનવર (જીવાણી) | જખૌ | ૫૬ |
| ૨૫-૧૧-૧૯ | ભાંડુપ | તરલાબેન લહેરચંદ વેલજી મૈશેરી | લાલા | ૭૯ |
| ૨૫-૧૧-૧૯ | ભાંડુપ | તરલાબેન લહેરચંદ વેલજી મૈશેરી | લાલા | ૭૯ |
| ૨૬-૧૧-૧૯ | સાલેમ | મનોજ ચંદ્રકાન્ત જીવાણી | જખૌ | ૫૭ |
| ૨૬-૧૧-૧૯ | કારંજા | કુસુમ પદમશી કાનજી ખોના | જખૌ | ૭૫ |
| ૨૭-૧૧-૧૯ | અંધેરી | મીનલબેન ચંદ્રકાન્ત ચાંપસી ગાલા | મંજલ રેલડીયા | ૬૮ |
| ૨૭-૧૧-૧૯ | મુલુંડ | યોગેશ શામજી નાગડા | નલિયા | ૬૭ |
| ૨૮-૧૧-૧૯ | ખામગામ | હિરાબાઈ ગોવિંદજી લોડાયા | કોઠારા | ૮૪ |
| ૨૮-૧૧-૧૯ | મુલુંડ | યોગેશ શામજી નથુ નાગડા | નલિયા | ૬૭ |
| ૨૯-૧૧-૧૯ | ઘાટકોપર | માલસી ખીમજી દંડ (લાખા બાપા) | સાંધવ | ૯૫ |
| ૨૯-૧૧-૧૯ | રાયપુર | વિનોદ માણેકજી દેવજી મૈશેરી | નાની સિંધોડી | ૬૯ |
| ૩૦-૧૧-૧૯ | ગદગ/નાસિક | મધુરીબાઈ ગુલાબચંદ ધરમશી | સુથરી | ૭૫ |
| ૦૧-૧૨-૧૯ | ગોરેગામ | શિરીષ ઝવેરચંદ કુરૂવા | ગોધરા | ૫૯ |
| ૦૪-૧૨-૧૯ | અમદાવાદ | તારાબેન રાયચંદભાઈ દંડ | પરજાઉ | ૭૪ |
| ૦૪-૧૨-૧૯ | કાંજુરમાર્ગ | ખેતબાઈ હિરજી ખોના | કોઠારા | ૮૮ |

## શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

*ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,*
*અગણીત છે ઊપકાર એમના, એહ કદિ વિસરશો નહિં.*

**૩૨ મી પુણ્યતિથી**



**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
**દેહવિલય તા.૧૩-૧૨-૧૯૮૭**

(તેરા કચ્છ)

**૧૨ મી પુણ્યતિથી**



**માતુશ્રી વિજ્યાબેન શામજી દંડ**
**દેહવિલય તા.૦૩-૧૨-૨૦૦૭**

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિઃસ્વાર્થ સ્વભાવ, નીડરતા, પ્રમાણિકતા અને વ્યવહારિક કોઠાસુઝનો વારસો અમારા માટે હંમેશાં માર્ગદર્શક બની રહેશે. આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા ઈશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના..

~ શ્રધ્ધાંજલિ સુમન ~

**સમસ્ત આણંદ પરિવાર**

નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન અને પુત્રવધુઓ-બાળકો તેમજ સમસ્ત પરિવાર

## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

# શ્રી પંકજ કેશવજી ધરમશી

## ગામ – રંગપુર, હાલ – મુલુંડ



જય જીનેન્દ્ર, સાથ જણાવવાનું કે આપશ્રીએ શ્રી અનંતનાથ જૈન દેરાસરજીના ટ્રસ્ટમાં ટ્રસ્ટી પદ માટે તેમજ મહાજનની સહાયક સમિતિમાં ઉમેદવારી નોંધાવેલ છે. તે જાણી ખૂબજ હર્ષ તેમજ ખુશીની લાગણી અનુભવીએ છીએ.

પ્રારબ્ધ, લક્ષ્મી અને પુરૂષાર્થના સુયોગે આપે અનેક સામાજીક કાર્યો કર્યા છે. જેવાકે

૧) ગિરનારથી હાલાર છરિ પાલીત સંઘ આપશ્રીના નેજા હેઠળ પરિપૂર્ણ થયેલ.

૨) ૪૦૦ વર્ષ પ્રાચીન મોડપર જીનાલય જિર્ણોધ્ધાર તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ આપશ્રીના પ્રમુખ પદ હેઠળ પરિપૂર્ણ થયેલ.

૩) રંગપુર જૈન સંઘમાં છેલ્લા ૧૫ વર્ષથી પ્રમુખપદ પર રહી, શ્રી રંગપુરમાં ગુરૂમંદીર પ્રતિષ્ઠા, ભોજનશાળાનું નિર્માણ તેમજ ભોજનશાળા છેલ્લા બાર વર્ષથી સાતત્યપણે કાર્યરત છે, નુતન અતિથીગૃહનું નિર્માણ, પરિકર ભા-મંડલની સ્થાપના, ભવ્યાતિભવ્ય ચાતુર્માસનું આયોજન, સંપુર્ણ સંકુલનું નુતનીકરણ, જિનાલયની રજત જયંતીની ઉજવણી વગેરે કાર્યો કુશળતાથી પાર પાડેલ છે.

૪) માતુશ્રી મોંઘીમા નાગશી દેવાણી કન્યા છાત્રાલયમાં ટ્રસ્ટી - ખજાનચી તેમજ મેનેજીંગ કમીટી મેમ્બર.

૫) વાવાઝોડા, તેમજ ધરતીકંપ વેળાએ જ્ઞાતિભાઇઓને મદદરૂપ થયેલ.

૬) આચાર્ય મહારાજ સાહેબ, તથા સાધુ સાધ્વીઓની વયાવચ્છની જવાબદારીઓ સંભાળેલ છે.

૭) વર્ષ ૨૦૧૯માં સમાજસેવાના ક્ષેત્રે કચ્છ શક્તિ એવોર્ડ આપને એનાયત કરેલ છે.

૮) સમુહ લગ્નો તથા સ્નેહમિલન વગેરે અનેક સામાજીક કાર્યો આપશ્રી દ્વારા વટ, વચન અને વહેવારની વિરતી વસુંધરા ક.દ.ઓ. વિરાસતના વિરલ વારસદાર બની આપે દેવ, ગુરૂ, ધર્મ અને સમાજની હાકલને હોંકારો દઇ આપની અનોખી સુઝબુઝ, હોંશીયારી અને જિંદાદીલીથી કર્યા છે. આપે ક.દ.ઓ. જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે અને આદરણીય બનાવ્યું છે.

છેલ્લા વીસેક વર્ષોથી આપશ્રીના નેતૃત્વમાં થયેલ કાર્યોથી સમાજમાં હોંશ અને ઉમંગ પથરાયેલ છે.

હવે પ્રદેશથી પણ આગળ જઇ મુંબઇમાં વસતા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિની સેવા કરવા આગળ આવેલ છે તે જાણી ખૂબજ આનંદની લાગણી અનુભવીએ છીએ, અને આપશ્રીના નેતૃત્વ તેમજ અનુભવને ધ્યાનમાં રાખી આપ મુંબઇમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિને ઉચ્ચ શિખરો સર કરાવશો એવી અમને પુરેપુરી શ્રધ્ધા, ખાતરી અને વિશ્વાસ છે.

**મુંબઇમાં વસતા સર્વે ક.દ.ઓ. જ્ઞાતિના ભાઇ–બહેનોને નમ્ર વિનંતી કે આપશ્રી પંકજ કેશવજી ધરમશી ને ટ્રસ્ટ બોર્ડમાં તેમજ કારોબારી સહાયક સમિતિમાં ભારી બહુમતથી વિજય અપાવી અને વિકાસના કામોમાં જોડશો તેવી આશા અને અપેક્ષા છે !**

**તીલકચંદ કુંવરજી લોડાયા (Ex. Chief Commissioner of Income Tax)**

| | | | |
|---|---|---|---|
| લક્ષ્મીચંદ ધારશી મોતા | ભૂપેન્દ્ર મુલજી દંડ | કાંતીલાલ ગાંગજી વોરા | કલ્પેશ માણેકજી મોતા |
| મુકેશ દામજી મૈશેરી | હિરાલાલ હંસરાજ ડાઘા | પ્રવિણ જેઠાલાલ લાપસીયા | અશોક મણીલાલ દંડ |
| જયંત ભવાનજી સોની | વીરચંદ હીરજી લોડાયા | બીપીન પાર્શ્વીર નાગડા | વિજય મોતીલાલ લોડાયા |
| ગીરીશ બાબુલાલ લોડાયા | પંકજ પાર્શ્વીર લુઠીયા | દિનેશ રામજી લોડાયા | |

# વિનમ્ર અરજ

**૨૦૧૦** — જ્ઞાતિસેવાને સમર્પિત, શ્રેષ્ઠ કાર્યો કરવા તત્પર એવા જૂથ અનંત યુવા શક્તિ (AYS)નું સર્જન

**૨૦૧૦-૨૦૧૫** — અનન્ય તથા પરિણામલક્ષી કાર્યો થકી કેડીઓ જ્ઞાતિના વિકાસની રફતાર અકલ્પનીય વધારી

**૨૦૧૫-૨૦૨૦** — AYSના તમામ સભ્યોએ પરસ્પર સંપર્ક જાળવી રાખતા જ્ઞાતિલક્ષી બાબતો પર વિચારવિનિમય, મનોમંથનનો ક્રમ જાળવી રાખ્યો

**૨૦૨૦** — જ્ઞાતિને ફરી સુસજ્જ, સમર્પિત કાર્યકર્તાઓની જરૂર છે ત્યારે દઢ સંકલ્પ સાથે AYSની ટીમ સેવાર્થે હાજર થઈ છે

**નવાં લક્ષ્યો સાથે ✶ નવી કાર્યસૂચી સાથે**
**નવા સંકલ્પ સાથે ✶ નવા નિશ્ચય સાથે**

જ્ઞાતિજનોના પ્રેમ અને વિશ્વાસ થકી અમે અમારું શ્રેષ્ઠ યોગદાન આપવાને કટિબદ્ધ છીએ
જ્ઞાતિ છે તો છીએ આપણે, જ્ઞાતિજનોના સાથથી સેવા કરીશું અમે

સૌના આશીર્વાદના વાંચ્છુ, અનંત યુવા શક્તિ વતી

## નયન અશોક ભેદા

## અનંત યુવા શક્તિએ ૨૦૧૦-૧૫માં મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટના તેના કાર્યકાળમાં કરેલાં ચાવીરૂપ કાર્યોની ઝલક

* જ્ઞાતિના સર્વપ્રથમ લોગો અને એન્થમ (જ્ઞાતિગીત)નું સર્જન
* એસએમએસ સર્વિસ
* વસતિપત્રક ઍપના મુખ્ય દાતા
* અનંતછાયા રિડેવલપમેન્ટ (રૂ. નવ કરોડને પરિવર્તિત કર્યા રૂ. ૪૫ કરોડમાં, જેના વ્યાજમાંથી એજ્યુકેશન તથા મેડિકલ સહાયની સચોટ ગોઠવણ પણ કરી)
* શિવજી વિકમશી, રાયચંદ ધરમશી, હિતેશ મોતા જેવા મહાનુભાવ સ્વજનોને સમાજરત્ન એવોર્ડથી બિરાદવ્યા
* મહાકાળીમાતાની દેરીનું નૂતનીકરણ
* અનંતનાથ દેરાસરમાં લિફ્ટનું ઇન્સ્ટોલેશન તથા દેરાસરનું સુશોભીકરણ
* અનંત સદનનું રિડેવલપમેન્ટ
* મુંબઈ મહાજનની પ્રથમ પ્રોપર્ટી એવી ઐરોલી વાડીનું માળખું જ્ઞાતિ સમર્પિત કર્યું
* ભાંડુપમાં અનંત સિદ્ધિ સ્થિત પંજાબ નેશનલ બેન્કનું પઝેશન લઈ એ.સી. બેન્ક્વેટ હોલનું નિર્માણ કર્યું
* મસ્જિદ બંદરે કેશવજી નાયક પ્યાઉનો ઐતિહાસિક જીર્ણોદ્ધાર. ઉદ્‌ઘાટન પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસ પહેલીવાર પધાર્યા મસ્જિદ બંદર
* ૪૦થી વધુ ઉચ્ચ કક્ષાના જ્ઞાતિલક્ષી કાર્યક્રમોનું આયોજન, જેના થકી વધ્યો પરસ્પર પ્રેમ તથા સંપ... અને બીજાં અનેક અપ્રતિમ જ્ઞાતિલક્ષી કાર્યો

**...આ યાદીમાં નવાં કાર્યો ઉમેરવા, જ્ઞાતિને ફરી નવી ઊંચાઈએ લઈ જવા વચનબદ્ધ...**

# અનંત યુવા શક્તિ

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



અવતરણ
તા. ૬-૫-૧૯૪૯

મોક્ષગતિ
તા. ૧૯-૧૧-૨૦૧૯

## શ્રી દિનેશ જેઠાભાઈ નરશી લોડાયા

ગામ - જખૌ - પુના

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી
ચંદન સુ જીવન જીવીને, સુખ સૌને આપી ગયા;
ખુદ ઘસાઈને કુટુંબ પરિવારમાં સૌરભ બની પ્રસરી ગયા
જીવન એવું જીવી ગયા કે કદીય ભુલાય નહીં
વિદાય એવી લીધી કે કદીયે વિસરાય નહીં....

જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કું.
જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ પ્રાઈવેટ લીમીટેડ
જે. ડી. લોજીસ્ટીક

# ભાવભીની શ્રધ્ધાંજલિ

## આપની મધુર સ્મૃતિઓ, આપની નિર્મલ નિખાલસતા હૃદયમાં ઝંકૃત થઈ અમારી આંખોમાં અશ્રુધારા વહાવી જાય છે.

| | | |
|---|---|---|
| પત્ની | : | કાશ્મીરા દિનેશ લોડાયા |
| માતા-પિતા | : | સ્વ. વાલબાઈ જેઠાભાઈ લોડાયા (મોટરવાલા) |
| કાકા-કાકી | : | ગં. સ્વ. મીઠીબાઈ ચત્રભોજ લોડાયા |
| સાસુ-સસરા | : | સ્વ. લક્ષ્મીબાઈ વિશનજી ડોસા ધરમશી (કોઠારા) |
| પુત્રી-જમાઈ | : | અ. સૌ. કાનન જતીન ધરમશી |
| પુત્ર - પુત્રવધુ | : | અ. સૌ. સોનલ દીપક લોડાયા |
| ભાઈ-ભાભી | : | અ. સૌ. ગીતા કુલીન લોડાયા |
| ભાઈ-ભાભી | : | અ. સૌ. આશા ઉત્તમ લોડાયા |
| ભાઈ-ભાભી | : | અ. સૌ. દીપાલી પંકજ લોડાયા |
| ભાઈ-ભાભી | : | અ. સૌ. નીતા વિપિન લોડાયા |
| પૌત્ર | : | ધૈર્ય |
| દોહિત્રી | : | તનીષ્કા, વેદિકા |
| બહેન-બનેવી | : | અ. સૌ. ભારતી મણીલાલ લાલકા (લાલા) |
| બહેન-બનેવી | : | અ. સૌ. દર્શના ભરત ડાઘા (ગોએરસમા) |
| બહેન-બનેવી | : | અ. સૌ. મીતા ખુશાલ લાલકા (લાલા) |
| બહેન-બનેવી | : | અ. સૌ. ધારિકા હિતેન ગડા (બાડા) |
| સ્નેહીજનો | : | પારસ - કિંજલ ગૌરવ-પ્રિયા ખુશ્બુ-કરણ ભક્તિ, હર્ષ, પ્રણાલી, અવિ, અર્ષ, સ્મિત, અમાયરા, ધિયાન અને બાબો |
| સખા સમ ભાઈ | : | દિનેશ ખીમજી પોલડીયા |

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




# શ્રી શાન્તિનાથ નગર – સાંધવ





**''સાંધવ ગામ સોહામણું'' જ્યાં બીરાજે શાન્તિનાથ અખંડ પ્રભુના દીવા બડે, પ્રભુ પ્રગટ આપો આપ.**

આપણા માદરે વતનમાં ગામની ખૂબજ નજીકમાંજ સુંદર મઝાના પ્લોટોનું આયોજન કરેલ છે, જેમને પણ પોતાના મકાન બનાવવા હોય એમના માટે આ સૂવર્ણ તક છે.

ફક્ત જૈનો માટે **''શ્રી શાન્તિનાથ નગર''** બનાવેલ છે. હાલમાં ૨૨ (બાવીસ) જણે આ સૂવર્ણ તક ઝડપી પોતાના માદરે વતનમાં મકાન માટે પ્લોટો ખરીદ્યા છે એમને રજીસ્ટર સાથે ગ્રામ પંચાયતની લાલ બુક આપીને પઝેસન આપેલ છે. સંપૂર્ણ ટાઇટલ કલીઅર NA થયેલ પ્લોટો છે. પ્લોટોમાં ૨૦૦ વાર (૧૮૦૦ ફૂટ) ૬૦×૩૦ તેમજ ૪૦૦ વાર (૩૬૦૦ ફૂટ) ૬૦×૬૦ ના પ્લોટો રેડી છે.

હાલમાં જે ભાઇઓએ લીધેલ છે. એમના પ્લોટની પ્લાંત ભરીને આપેલ છે. તેમજ ઑફીસ માટે રૂમ, પ્લોટની ચારે બાજુ બ્રાઉન્ડ્રી તેમજ મેન ગેટનું કામ પૂર્ણ થયેલ છે. પાણી માટે બોરની વ્યવસ્થા તેમજ GSB ના ઇલેક્ટ્રીક DP કમ્પાઉન્ડમાં આવેલ છે. જે આપ નીહાળી શકો છો.

આખા કચ્છમાં આવા પ્લોટનું આયોજન આપશ્રીને ક્યાંપણ જોવા નહી મળે આપણા રૂડા ગામમા ઘણા બધા ભાઇઓને મકાનની જરૂરત ને ધ્યાનમાં રાખી આ આખી યોજના બનાવેલ છે. આપશ્રી એક વખત રૂબરૂ મુલાકાત લઇ પ્રત્યક્ષ અનુભવશો, બહુજ કીફાયતી ભાવે આપ આપના સ્વપ્ન સાકાર કરી **તક ઝડપી લેશો એજ વિનંતી. ''આર્કિટેક્ટ તરીકે દીપકભાઇ સોની''** માંડવીવાળાને નીમેલ છે. બાંધકામ માટે બેંક લોન થઇ શકે છે.




**પ્લોટ માટે કચ્છમાં સુવર્ણતક**

સાંધવ ગામથી ૫ મીનીટના અંતરે શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી કચ્છમાં અત્યંત શુધ્ધ વાતાવરણમાં રહેવા માટે બંગલો પ્લોટની ફક્ત જૈનો માટે વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પણ કચ્છમાં ગામમાં ઘર ન હોય અથવા સારા ઘરની આવશ્યકતા હોય તેઓ સંપર્ક કરી શકે છે. ફુલી ટાઇટલ કલીઅર પ્લોટો ઉપલબ્ધ. બહુજ કીફાયતી ભાવે, લાઇટ, પાણી, રોડ, બાઉન્ડ્રી વગેરેની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**વહેલો તે પહેલાના ધોરણે... જુજ પ્લોટો બાકી...**

**DINESH ROADLINES**

122, Grohitom Bldg., Plot No. 14/B, Opp. A.P.M.C. Market-2, Near Mathadi Chowk, Sector-19, Vashi, Navi Mumbai - 400 705.

**Mob.: +91 98203 27977 / 93203 27977 / 97233 27977**









**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઇના વ્યવસ્થાપક સમિતિ ના સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી છે. આપશ્રી આપનો અમુલ્ય વોટ આપી વિજયી બનાવવા સહયોગ કરશોજી એજ અભિલાષા સહ નમ્ર વિનંતી.**

**લી. દીનેશ રામજી લોડાયા** (સાંધવ–મુલુંડ, પૂર્વ)

**ફોન : 9820327977**
**9320327977 / 9723327977**


If undelivered, please return to :

**C.D.O. PRAKASH SAMIKSHA**

**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.